Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

卐

Shri Atmanand Prakash

(આ માસથી માસિકને શરૂ થતું ૫૧ મું વર્ષ)

પુસ્તક ૫૧ મું.	આત્મ	સંવત ૨૦૦૯.
■	સં. ૫૮	■
અંક ૬ ઠ્ઠો	તા. ૧૩-૮-૫૩.	શ્રાવણ.

☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુક્રમણિકા.

૧	શ્રી મુનિસુવ્રત જિન સ્તવન	...(જવાનમલ પુલચંદ)	૧
૨	નૂતન વર્ષનું મંગળમય વિધાન	(શ્રીયુત કેતેહચંદ ઝવેરભાઇ)	૨
૩	પૂ૦ આત્મારામજી મહારાજના પરિવારના ચોમાસા ...		૮B
૪	નવમા શ્રી દામોદર જિન સ્તવન સાર્થ... ...	... (ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ)	૯
૫	વિક્રમની વીસમી સદીની સાહિત્ય પ્રવૃત્તિ ...	(પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા)	૧૧
૬	મહાવીર જિન સ્તુતિ	(સં. ભગવાનભાઇ પ્રાગજી)	૧૪
૭	દીક્ષા ગીત	(મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ)	૧૩
૮	અમેરિકાના સંસ્કૃત પ્રોફેસર મી. નોરમન બ્રાઉનનો પૂ. શ્રી જમ્બૂવિજયજી મહારાજ ઉપરનો પત્ર...		૧૪
૯	સ્વીકાર સમાલોચના	(સભા)	૧૫
૧૦	વર્તમાન સમાચાર...	(સભા)	૧૬

---

૧ શ્રી આત્માનંદ પ્રકાશનું તંત્રીમંડલ આ સભાએ નીચે મુજબના સભાસદોનું નીમ્યું છે.

પ્રોફેસર ખીમચંદભાઈ ચાંપસીભાઇ એમ. એ. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.
ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ શેઠ હરિલાલ દેવચંદ

શ્રી આત્માનંદ પ્રકાશ સંબંધી સઘળો પત્રવ્યવહાર " શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ " એ નામે પત્રવ્યવહાર કરવો.

" શ્રી આત્માનંદ પ્રકાશ " છપાવવાના તથા પ્રકાશનના દિવસોએ પવિત્ર પર્યુષણાના દિવસો આવતા હોવાથી (ભાદરવા–આસો માસના (૨–૩) અંકો આસો માસમાં પ્રકટ કરવામાં આવશે.

" શ્રી આત્માનંદ પ્રકાશ "ના ગ્રાહકોને ૫૧મા વર્ષની અમૂલ્ય ભેટ.

" શ્રી નમસ્કાર મહામંત્ર " બુક.

જે પવિત્ર મંત્રના શ્રદ્ધાપૂર્વક આરાધન–સ્મરણ–ધ્યાન–મનનના નિરંતર અભ્યાસથી સાંસારિક દુઃખો દૂર થતાં વૈભવ, લક્ષ્મી આરોગ્ય વગેરે સાંપડે છે અને આત્મ કલ્યાણસધાતાં સ્વર્ગ કે મોક્ષ પ્રાપ્ત કરવામાં અમૂલ્ય સાધન આ મહામંત્ર છે. તે બુક આત્માનંદ પ્રકાશના ગ્રાહકો ભેટ આપવાની છે. શ્રાવણ માસથી ગ્રાહકોને માસિકનું લવાજમ રૂા. ૩–૦–૦ અને બુક ગેરવલ્લે ન જાય તે માટે રૂા. ૦–૧૨–૦ પોસ્ટેજ વી. પી. રૂા. ૩–૧૨–૦ કરી મોકલવામાં આવશે જેથી ગ્રાહક મહાશયોએ સ્વીકારી લેવા નમ્ર સૂચના છે. પાછું વાળી જ્ઞાન ખાતાને નુકસાન નહિં કરવા ખાસ ભલામણ છે.

તંત્રીમંડળ.

હાલમાં નવા થયેલા માનવંતા લાઇફ મેમ્બરો.

૧. શાંતિલાલ ગંભીરદાસ મહેતા. ભાવનગર.
૨. ડૉ. ભાઇલાલભાઇ એમ. બાવીશી. પાલીતાણા.
૩. શેઠ ગોવિંદજીભાઇ પદમશીભાઇ. ઘાટકોપર (મુંબઇ).
૪. શ્રી ખેતરવસી જૈન ઉપાશ્રય, વહીવટકર્તા–ઝવેરી હરીલાલ જેસંગભાઇ પાટણ.
૫. શેઠ હોમતલાલ ચુનીલાલ મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન :—



ઝવેરી હરખચંદભાઈ વીરચંદ ગાંધી (મહુવાવાળા)
હાલ મુંબઇ.

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીયુત્ ઝવેરી હરખચંદભાઈ વીરચંદ ગાંધીનું જીવનવૃત્તાંત.

સૌરાષ્ટ્રના ગોહિલવાડ પ્રાંતનું કહેવાતું કાશ્મીર, પ્રાચીનકાળમાં જેને મધુમતી નગરી પણ કહેવામાં આવતી હતી. પરમાત્મા શ્રી મહાવીર દેવની વિદ્યમાનતામાં શ્રી મહાવીર પરમાત્માની પ્રતિમા જ્યાં હાલ જૈન મંદિરમાં બિરાજમાન છે, ભૂતકાળમાં પૂજ્ય કૃપાળુ આચાર્ય ભગવંતો શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જેવા પરમ તારક આચાર્યદેવોની જે જન્મભૂમિ કહેવાય છે. આવી પ્રભાવક નગરી મહુવા–શહેરમાં ઝવેરી શ્રીયુત્ હરખચંદભાઇ વીરચંદ ગાંધીનો ઇ. સ. ૧૯૧૮ ના એપ્રીલ માસમાં શેઠશ્રી વીરચંદ વશરામને ત્યાં માતુશ્રી મોતીબાઈની કૂક્ષિમાં જન્મ થયો હતો. જન્મથી જ હરખચંદભાઈ સંસ્કાર પામ્યા હતા. તેઓશ્રીના અ. સૌ. પત્ની પ્રભાવતી બેન પણ સુશીલ, વ્યવહારકુશળ છે. તેઓશ્રીને પાંચ બંધુઓમાંથી બે બાલ્યકાળમાં અવસાન પામ્યા હતા. એક મોટાભાઈ જયંતીલાલભાઇએ આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા લીધી હતી. શુદ્ધ રીતે ચારિત્ર પાળતાં શ્રી તારંગાજી યાત્રાર્થે આવતાં વાઘના શિકારના ભોગ થઇ પડ્યા હતા. બીજા ભાઈ શ્રી શાંતિલાલભાઈ હાલ મુંબઇમાં લોખંડના વ્યાપારની લાઇનમાં છે. શ્રી હરખચંદભાઇએ વિદ્યાભ્યાસ કરી મુંબઈ આવી કાપડ મારકીટમાં વ્યાપારનો અનુભવ મેળવવા નોકરીથી પ્રથમ જીવન શરૂ કર્યા બાદ ત્યાંથી છૂટા થઈ, શ્રીયુત્ બાબુભાઇ મૂળચંદના સહકારથી ઝવેરી બંધુને ત્યાં રહ્યા અને ત્યાં ઝવેરાતના ધંધામાં નિષ્ણાત થઇ ઝવેરાતના ધંધામાં ઝુકાવ્યું. તેઓશ્રી સરલ સ્વભાવી, માયાળુ હોવા સાથે અનેક ચડતી–પડતીના ચક્રોમાંથી પસાર થતાં ધર્મ પ્રત્યે પૂર્ણ પ્રેમ અને ભાવનાવડે ધંધામાં પ્રગતિ થવા લાગી, અને જેમ જેમ લક્ષ્મી પ્રાપ્ત થતી ગઇ તેમ તેમ ગુપ્ત દાન દેવા સાથે મહુવા બાલાશ્રમમાં રૂા. ૫૦૦૧), મહુવામાં થયેલ છેલ્લી પ્રતિષ્ઠા વખતે રૂા. ૧૫૦૦૦), અનેક આદેશોમાં, મુંબઈ નજીક અગાશી ગામમાં રૂા. ૧૫૦૦૦) ખર્ચી સર્વ સામગ્રી સહિત સેનેટેરીયમ બંધાવ્યું, અને પોતાના પ્રિય પુત્ર બિપીનકુમારના જન્મગાંઠના દિવસે જૈન નરરત્ન શેઠ રમણભાઇ દલસુખભાઇ J. P. ના મુબારક હસ્તે ઉદ્‌ઘાટન કરાવ્યું. પાલીતાણા, કદંબગિરિ, કુંડલા, બોટાદ, ગિરનારજી વગેરે સ્થળે ઉદારતાપૂર્વક સખાવતો કરી. ગુપ્તદાન તો ચાલુ જ છે. તેમના પરિવારમાં એક પુત્ર બિપિનચંદ્રકુમાર અને બે પુત્રીઓ છે. ધાર્મિક સાહિત્યમાં પંચ પ્રતિક્રમણ, જૈન નિત્યપાઠસંગ્રહ વિદ્યાર્થીઓ માટે છપાવી પ્રસિદ્ધ કરેલ છે. પુણ્યાનુબંધી પુણ્યથી મળેલ લક્ષ્મીનો આત્મકલ્યાણ માટે સદ્‌વ્યય કરે છે. અમારી વિનંતિનો સ્વીકાર કરી, ધર્મપ્રેમી શ્રીયુત્ હરખચંદભાઈ ઝવેરી આ સભાના પેટ્રન થયા છે. શ્રીયુત્ હરખચંદભાઈ દીર્ઘાયુ થઇ, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરે તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૯. શ્રાવણ—ઓગસ્ટ પુસ્તક ૫૧ મું.

વિક્રમ સં. ૨૦૦૯. અંક ૧ લો.

શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

(આવો આવોને મારા વાલમ આવો–એ રાગ.)

તારો તારો હો મુનિસુવ્રત સ્વામી તારો,
શરણે આવ્યો પ્રભુજી દાસ તમારો. તા૦ ૧

હે પ્રભુ ! તું તારણહાર એક છે મારો,
તારા શિવા મારે કોઇનો નવિ સહારો. તા૦ ૨

હે જિનેશ્વર પ્રભુ ! દીનદયાળ તું કહાયો,
સહુનો તારણહાર પ્રભુ તુંહી ગણાયો. તા૦ ૩

માતા પદ્માવતીએ પ્રભુ તુજને જાયો,
હે નાથ ! અંજનવણે કરી તું સહાયો. તા૦ ૪

અનંતા ભવો કરી હું આ મનુભવ પાયો,
ત્રણ જગતના નાથ પ્રભુજી તમને પાયો. તા૦ ૫

હે વિભુ ! હવે તો સંસાર–સમુદ્રથી તારો,
કૃપાનાથ દયાળ ! પ્રભુજી વિનંતિ સ્વીકારો. તા૦ ૬

શ્રી જૈન બાળ મંડલ કલ્યાણ પસાયો,
હે કૃપાનિધિ ! જવાનમલે તુજ ગુણ ગાયો. તા૦ ૭

જવાનમલ કુલચંદજી—કલ્યાણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

नूतन वर्षनुं मंगलमय विधान.

योगाभोगानुगामी द्विजभजनजनिः शारदारक्तिरक्तो ।
दिग्जेता जेतृजेता मतिनुतिगतिभिः पूजितो जिष्णुजिह्वैः ॥
जीयाद् दायादयात्री खलबलदलनो लोललीलस्वलज्जः ।
केदारौ दास्यदारी विमलमघुमदोद्दामधामप्रमत्तः ॥

" જિનવચનનો વિસ્તાર કરવાવાળા, ક્ષત્રિયવંશમાં જન્મેલા, અહર્નિશ વિદ્યાધ્યયનશીલ, (અનેક) વાદીઓને જીતનારા, બુદ્ધિમાન મનુષ્યોવડે પ્રશંસા પામેલા, વિષયના સમૂહનો વિનાશ કરનારા, શ્રોતાઓને સન્માર્ગમાં પ્રેરનારા, તૃષ્ણાને લજ્જા પમાડનારા, ધર્મોપદેશવડે મૃત્યુના ભયને ટાળનારા અને કામવેગને જીતનારા (શ્રી વિજયાનંદસૂરિ) જયવંત વર્તો "

સાહિત્યાચાર્ય પં૦ માધવાનંદ શાસ્ત્રી–શ્રી વિજયાનંદસૂરિનો
(અંતર્ગત જૈન ધર્મનો) ૫૧ અર્થવાળો સ્તુતિ–શ્લોક :

પ્રકાશનો પ્રવેશ—

જે પ્રસંગે કલ્યાણકારી વર્ષાઋતુનું આગમન થયા પછી જનસમાજના ચિત્તમાં પ્રસન્નતાની ઊર્મિઓનો સંચાર થઇ રહ્યો છે તે વર્ષાઋતુથી આનંદજનક બનેલા તેમજ છેલ્લા દિવસોમાં મંગલકારી પર્યુષણપર્વારાધનની શરુઆતવાળા શ્રાવણ માસના સુરમ્ય પ્રભાતે ચાર દૃષ્ટાંતથી નિષ્કર્મ બનેલા **સિદ્ધપરમાત્માને** નમન કરી, સ્વ૦ ગુરુવર્ય શ્રી **વિજયાનંદસૂરિજી** (શ્રી આત્મારામજી) મહારાજ કે જેમના **ઉભય પવિત્ર નામનો** સમન્વય કરી પ્રસ્તુત (**આત્માનંદ**) સભાનો ૫૮ વર્ષ પહેલાં આરંભ થયો હતો તેમજ જે મહાન્ આત્માની પ્રતિકૃતિ પ્રસ્તુત મુખપૃષ્ઠ ઉપરથી જૈન જગત્ ઉપર ક્ષાત્રતેજ અને આધ્યાત્મિક તેજનાં કિરણો વિસ્તારી રહી છે તેમને વંદન કરી, અનેકાંત અને અહિંસા અથવા જ્ઞાન અને ક્રિયારૂપ ઉભય ચક્રોથી જૈન દર્શનનો જે રથ ગતિમાન થઇ રહેલો છે, અને જે દર્શન વાસ્તવિક રીતે વિશ્વ ધર્મ છે. અને અન્ય દર્શનનાં સિદ્ધાંતો તેનાં નિર્ઝરણારૂપ છે–તે જૈન ધર્મને પ્રણામ કરી–એ રીતે દેવ, ગુરુ અને ધર્મના મંગલમય તત્ત્વોનું સ્મરણ કરી, '**આત્માનંદ પ્રકાશ**' એકાવનમા વર્ષમાં પ્રવેશ કરે છે. પૂર્વ પ્રણાલિકા પ્રમાણે સ્વગત વિચારે છે કે–જગતમાં સૂર્ય, ચંદ્ર, દીપક, વિદ્યુત વિગેરે અનેક પ્રકાશો છે પણ એ સર્વ કરતાં અનંતગુણ ચડિયાતો આત્માનો પ્રકાશ છે કે જે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મરૂપ–પાંચ સમવાયોને અનુસરીને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપદ્વારા વ્યક્ત થાય છે; કેવલજ્ઞાનીઓએ પાંચે કારણોમાં પુરુષાર્થની મુખ્યતાવડે આ પ્રકાશ સંપૂર્ણપણે પ્રકટાવેલો છે; એ કેવલજ્ઞાનરૂપ મહાસાગરનું હું એક બિંદુ છું; છતાં એ બિંદુનું જગત્માં અસ્તિત્વ છે; કર્મોના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થતાં અનંતજ્ઞાનપ્રકાશનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપ ક્ષાયોપશમિકજ્ઞાન નિમિત્ત છે. ઉપાધ્યાયજી **શ્રી યશોવિજયજી** '**જ્ઞાનસાર**'માં કહે છે કે " કૃષ્ણપક્ષ (મિથ્યાત્વ) ક્ષીણ થયે છતે અને સમ્યક્ત્વરૂપ શુક્લપક્ષ ઉદયમાન થયે છતે બીજનો ચંદ્ર વધતા વધતા જેમ પૂર્ણિમાનો ચંદ્ર બની જાય છે." તેમ ક્ષાયોપશમિક જ્ઞાન અનેક જન્મોના શુભ પ્રયત્નો પછી ક્ષાયિક બની જાય છે; તેથી શ્રુતજ્ઞાનરૂપ અક્ષરદેહદ્વારા બાહ્ય અને આંતર જગત્માં મારાથી યથાશક્તિ કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બની શકયું છે? ગત વર્ષમાં વ્યાપક જ્ઞાનસમષ્ટિમાં વ્યક્તિરૂપી જૈન દર્શનના ઉચ્ચ તત્ત્વોને લક્ષ્યમાં રાખી અનેકાંત દૃષ્ટિનાં ઉચ્ચ રહસ્યો સમાજને સમર્પ્યાં છે? વાસનાઓથી બલહીન બનેલાં અને મધુમિંદૂની માફક ઓતપ્રોત થયેલા સંસારી જીવોને સત્કર્મનું કે દુષ્કર્મનું ભાન કરાવ્યું છે? તર્કવાદી જ્ઞાન કરતાં ચારિત્રની ભૂમિકા ઉચ્ચતર છે તે દર્શાવવા સાથે **ज्ञानस्य फलं विरतिः**–એ સૂત્રનું રહસ્ય યથાશક્તિ સમજાવ્યું છે? સંસારચક્રમાં જન્મ અને મૃત્યુ અનિવાર્ય અને સહજ છતાં આત્માના અનાદિઅનંતપણા તરફ લક્ષ્ય રાખી માનવવાચકોની આત્મભૂમિકાને તૈયાર કરી સ્વાલંબનપૂર્વક પ્રગતિમાન થવા પ્રેરણા કરી છે? મનોયોગદ્વારા વિચાર કરતાં ફૂલિત થાય છે કે અવશ્ય સુંદર પરિણામ આવ્યું છે; જગતમાં પ્રત્યેક સ્થૂળ વસ્તુ સ્વનિમિત્તવડે આત્માને જગાડે છે; સૂર્યના ગ્રહણથી જેમ કીર્તિધર રાજા અને વૃદ્ધ થઈ ગયેલા વૃષભથી કરકંડુ રાજાની આત્મજાગૃતિ થઈ હતી, તદ્વત્ સાર જો આત્મા ગુણગ્રાહી હોય તો પ્રભુમૂર્તિ અને શાસ્ત્રો પુષ્ટાલંબન હોવાથી આત્મજાગૃતિ અર્પે તેમાં આશ્ચર્ય નથી. લેખો એ શાસ્ત્રનાં નિઝરણાંઓ હોવાથી આત્માને અંતરાવલોકન માટે થાય એ સ્વતઃ સિદ્ધ છે; જેથી પ્રસ્તુત પત્રદ્વારા બાહ્ય જગતમાં અર્થ અને કામમાં મશગૂલ મનુષ્યોને ધર્મ પુરુષાર્થમાં જોડવારૂપે અને આંતર જગત્માં એ પુરુષાર્થના નિચોડરૂપ કષાયનો અભાવ, વૈરાગ્યવાસનાની જાગૃતિ અને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ આત્મગુણોમાં રમણતા કરાવવારૂપે, જે કાંઈ સ્વીકૃત કાર્યના પરિણામરૂપે યથાશક્તિ બની શકયું છે તે માટે આ પત્ર પ્રશસ્ત ગૌરવ અનુભવે છે.

સંજ્ઞા-પ્રેરણા.

પ્રસ્તુત નૂતન વર્ષની 'આત્માનંદ પ્રકાશ' ની સંજ્ઞા ૫૧ ની છે, પાંચ જ્ઞાનના સર્વ મળીને ૫૧ ભેદો થાય છે, જેથી પ્રસ્તુત સંજ્ઞા જ્ઞારાધનનું સૂચન કરે છે. ૫ + ૧ = પાંચ વ્રતોનો એક આત્મતત્ત્વ સાથે સમન્વય કરવો અથવા ષટ્કારકોનો આત્મા સાથે સમન્વય સાધી, આત્માએ, આત્માને, આત્માવડે, આત્મા માટે, આત્મામાંથી, આત્મામાં અનંત આનંદ પ્રકટાવવાના પુરુષાર્થ કરવાનું સૂચન છે. ૫ – ૧ = પાંચ પ્રમાદ તથા પાંચ ઇંદ્રિયના વિષયોનો આત્મામાંથી અભાવ કરવો અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી–દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર ધર્મોની આરાધના કરવાની પ્રેરણા છે. તદુપરાંત ઉપર દર્શાવેલો **योगाभोगानुगामी** શ્લોક સ્વ૦ આ૦ મ૦ શ્રી વિજયાનંદસૂરિ તથા જૈનદર્શનની ૫૧ અર્થવાળી સ્તુતિરૂપે સંજ્ઞા દર્શાવે છે. [1]**राजानो ददतो सौख्यं** ના આઠ લાખ અર્થો થાય છે અને તે અષ્ટલક્ષી ગ્રંથ તરીકે પ્રકાશિત થયેલો છે, તો પ્રસ્તુત શ્લોકના ૫૧ અર્થ થાય તેમાં આશ્ચર્ય નથી. આ સંજ્ઞાશ્રુતની વિચારણા જો આત્મજાગૃતિપૂર્વક હોય તો એ સંજ્ઞામાંથી આત્મપ્રેરણા મેળવી શકે છે અને દશ દૃષ્ટાંતોથી દુર્લભ ગણાતા માનવજન્મને સાર્થક કરી શકાય છે.

સિંહાવલોકન.

ગત વર્ષમાં જૈનસૃષ્ટિમાં પ્રાચીન જૈન સાહિત્યના પ્રમાણભૂત સંશોધક **શ્રી જિનવિજયજી**ની જર્મન પ્રાચ્યવિદ્યા સભા તરફથી જર્મનીમાં તેમની જૈન સાહિત્ય, ઇતિહાસ અને પુરાતત્ત્વની સેવાઓને અંગે માનદસભ્ય તરીકે નીમણુક થઈ છે. પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીનો ૮૪ મો જન્મોત્સવ ત્રણ દિવસ

1. હારમોનીયમના સાત સુરોમાંથી જેમ અસંખ્ય રાગો પ્રકટે છે, જૈનદર્શનના કથનાનુસાર જેમ એક સૂત્રના અનંત અર્થો થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્યંત મોતીશા પાર્કમાં મુંબઇના મેયર શ્રી ગણપતિશંકર દેસાઇના પ્રમુખપદે ઉજવાયો હતો અને વલ્લભવાણીનું પુસ્તક મુંબઇ આત્માનંદ જૈન સભા તરફથી આચાર્યશ્રીને સમર્પણ થયું હતું. ડૉ. ડગનની કુશળતાથી એક આંખે તેઓ દેખતા થયા એ સમગ્ર જૈનસંઘને માટે આનંદનો વિષય હતો. ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ, સારિપુત્ત અને મોગ્ગલાયનની બુદ્ધશિષ્ય તરિકે નહિ પણ જૈનધર્મી હતા, તેમજ અશોકના શિલાલેખો કહેવાય છે તે અશોકના નહિ પણ જૈનધર્મી સંપ્રતિ રાજાના છે તેમ ઐતિહાસિક સંશોધનથી સિદ્ધ કરી પ્રકાશમાં મૂકયું છે. 'સિરિભૂવલય' ગ્રંથનો એક ભાગ કન્નડ ભાષામાં છપાયો છે. આ ગ્રંથ ચેલ્લાપ્પા શાસ્ત્રી પાસે છે, તેમાં પ્રસ્તાવનારૂપે એંસી હજાર શ્લોકનું મંગલપ્રાભૃત છે. ૭૧૮ ભાષામાં વાંચી શકાય છે. મૂળ ગ્રંથ અંક(સંખ્યા)ની સંજ્ઞામાં છે. પાંચ લાખ વીશ હજાર શ્લોક બીજા છે એટલે કે છ લાખ શ્લોકનો ગ્રંથ ગણાય. અઢાર હજાર શ્લોકનો એક ખંડ પ્રકટ થયો છે. તેમાં સ્ત્રીને મુક્તિની અધિકારિણી ગણી છે. શ્રી ધીરજલાલ ટોકરસી ત્યાં જઇ આવ્યા અને નજરે જોઇ આવ્યા છે. આ સંબંધમાં જૈન સમાજના આગેવાનો તરફથી કેમ કાંઇ સવિશેષપણે જાણવા પ્રયાસ થતો નથી, તે આશ્ચર્યજનક છે. બનારસ હિંદુ યુનિવર્સિટી શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ તરફથી આગમિક, દાર્શનિક, વૈજ્ઞાનિક અને લોકભાષાની સાહિત્યકૃતિઓ–એ ચાર વિભાગો તૈયાર કરાવી જૈન સાહિત્ય પ્રકાશન કરવાનું અમલી કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આઝાદ મેદાનમાં શ્રી મહાવીર જયંતિ મજૂરપ્રધાન શ્રી શાંતિલાલ શાહના પ્રમુખપદે પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિ અને અન્ય સાધુઓની નિશ્રામાં ચારે ફીરકાના ઐકયપૂર્વક ઉજવવામાં આવી અને મધ્યમવર્ગના સાધર્મી બંધુઓના ઉદ્ધાર માટે પાંચ લાખના ફંડની જાહેરાત થઈ હતી અને પૂ૦ આચાર્યશ્રીની દૂધની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ હતી. ભારત જૈન મહામંડળનું તેત્રીશમું અધિવેશન બૂલદાણામાં શ્રી તારાચંદ કોઠારીના પ્રમુખપદે ઊજવાયું હતું અને અગિયાર ઠરાવો થયા હતા. વડોદરા પાસે આકોટા ગામમાં પ્રાચીન પ્રતિમાઓ નીકળેલ છે પરંતુ તે સરકાર હસ્તગત હોવાથી પૂ૦ આ૦શ્રી વિજયધર્મસૂરિ, અને મુ૦શ્રી યશોવિજયજી તરફથી પ્રતિમાઓ મેળવવા માટે સંગીન રીતે પ્રયાસ થયો છે અને તે માટે શિલ્પ સ્થાપત્ય–રક્ષક સમિતિ નીમાએલ છે. કુંભોજ તીર્થસ્થળે તા. ૯–૧૦ મે માસમાં ભારતીય સ્વયંસેવક પરિષદનું સાતમું અધિવેશન થયું હતું; પ્રમુખશ્રી મોતીલાલ વીરચંદનું પ્રવચન પ્રેરક હતું. કલકત્તામાં પૂ૦ આ૦શ્રી વિજયરામચંદ્રસૂરિજીની નિશ્રામાં ત્યાં નૂતન જિનાલયમાં પ્રતિમાજીઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા પંદર દિવસના મહાન્ ઉત્સવપૂર્વક થયા હતા અને સાડાપાંચ લાખ લગભગ રૂપિયાની ઊપજ થઇ હતી; મુંબઇમાં શ્રી આદીશ્વરજીના દેરામાં પૂ૦ આ૦શ્રી વિજયવલ્લભસૂરિની નિશ્રામાં પણ અંજનશલાકા થઇ હતી. જીવદયા મંડળી તરફથી શ્રીમતી રુકિમણી બ્હેન કે જેમણે વડી ધારાસભામાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારણનો કાયદો કરવા બીલ રજૂ કરેલ છે તેમના પ્રમુખપદે મુંબઇમાં જીવદયાપ્રેમીઓનું સમ્મેલન પૂ૦ આ૦શ્રી વિજયવલ્લભસૂરિજીની નિશ્રામાં કરવામાં આવ્યું હતું. અને પ્રસ્તુત બીલને અનુમોદન આપવામાં આવ્યું હતું. થાણામાં પૂ૦ આ૦શ્રી વિજયવલ્લભસૂરિના સાન્નિધ્યમાં ઉપધાન તપની આરાધના મહોત્સવપૂર્વક થઇ હતી, તે સમયે પૂ૦ પં૦ શ્રી સમુદ્રવિજયજીને આચાર્યપદવી સમર્પણ થઇ હતી. તેમજ અંધેરી તથા લાલબાગમાં પણ પૂ૦ આ૦શ્રી વિજયપ્રેમસૂરિજીની નિશ્રામાં ઉપધાન તપની આરાધના થઇ હતી. ખંભાતમાં ગત વર્ષમાં પૂ૦ આ૦શ્રી વિજયલબ્ધિસૂરિના સાન્નિધ્યમાં ઉપધાન તપની આરાધના થઇ હતી; મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો; પાંચસો લગભગ સંખ્યા હતી; તેમાં ખાસ કરીને જિનભકિતપ્રધાન, સરલસ્વભાવી, ધાર્મિક વ્યકિત શેઠ રમણલાલ દલસુખભાઇ જે. પી. કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેઓ પ્રસ્તુત સભાના પેટ્રન છે, જૈન ધાર્મિક શિક્ષણસંઘ અને નવપદ આરાધક સભાના પ્રમુખશ્રી છે અને જેમને ઉપધાન વહેવા ખાતર સત્તર સત્તર વર્ષો સુધી 'કેરીત્યાગ'ની પ્રતિજ્ઞા હતી, તેઓએ ઉપધાનના મંગલ તપની આરાધના કરી હતી અને સર્વને કરાવી હતી. ઉદ્યાપન પ્રસંગે સમવસરણની રચના વિગેરે મહોત્સવ સ્વર્ગલોકને યાદ કરાવે તેવો હતો. રાણકપુરમાં પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયેાદય-સૂરિજી વિગેરે અન્ય આચાર્યશ્રીઓની નિશ્રામાં ત્રૈલોક્યદીપક પ્રાસાદમાં પ્રતિમાજીઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠાનું મહાન્ કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થયું હતું. શેઠ કસ્તૂરભાઇ લાલભાઇની તે પ્રસંગે હાજરી હતી. મહોત્સવ મહા વદી ૧૧થી ફા૦ શુદ ૫ પૂર્ણ થયો હતો. મુંબઇમાં પૂ૦ આ૦ મ૦ શ્રી વિજય-પ્રેમસૂરિ, તથા પૂ૦ મુ૦શ્રી ભાનુવિજયજીના સદુપદેશથી વડીલોની રજાપૂર્વક વૈરાગ્યરંગી અનેક ભાગવતી દીક્ષાઓ થઇ હતી, તેમાં માંગરોળનિવાસી શ્રી વસંતકુમાર હીરાલાલની વિશિષ્ટતા હતી. તેઓ ૧૯ વર્ષની ઉમ્મરના છે, તીક્ષ્ણ બુદ્ધિના અને નાનપણથી વૈરાગ્યરંગી હતા. ગત વર્ષમાં શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસીના ભત્રીજા શ્રી ઈંદ્રવદનભાઇએ તેટલી જ ઉમ્મરે જ્ઞાનગર્ભિત વૈરાગ્યપૂર્વક દીક્ષા સ્વીકારી, તેના જેવું જ આ બીજું દૃષ્ટાંત છે. ડભોઇમાં શ્રી યશોવિજયજી સારસ્વત સત્ર પૂ૦ આ૦શ્રી વિજયપ્રતાપસૂરિ, પૂ૦ આ૦શ્રી વિજયધર્મસૂરિ, મુ૦શ્રી યશોવિજયજી, શતાવધાની મુ૦શ્રી જયાનંદવિજયજી વિગેરેના સાન્નિ-ધ્યમાં ફાલ્ગુન વદી ૭-૮ ઊજવાયું; પં૦ ઇશ્વરચંદ્રજી તથા રમોલ કોઝ કોટ'ના જજજ શ્રી પ્રસન્નચંદ્ર બદામી પ્રમુખ હતા. તે પ્રસંગે શેઠશ્રી જીવતલાલ પ્રતાપસી, શેઠ વાડીલાલ ચત્રભુજ અને શેઠ પુરુષો-ત્તમદાસ સુરચંદ વિગેરેના પ્રયાસથી લગભગ પચ્ચીશ વર્ષો થયાં બે પક્ષમાં કલેશ હતો તે દૂર થયો હતો; તેમજ ત્યાં જ સ્વર્ગવાસી થયેલ ઉ૦શ્રી યશોવિજયજીની પ્રતિમાની ગુરુમંદિરમાં પ્રતિષ્ઠા થઇ હતી; શ્રી જંબૂસ્વામી જૈન આગમમંદિરનું ઉદ્ઘાટન પણ ત્યાં જ થયું હતું. પૂ૦ આ૦શ્રી વિજયામૃતસૂરિજીની નિશ્રામાં મૂલુંદમાં પ્રતિષ્ઠા થઈ હતી. મુંબઇમાં પૂ૦ આ૦શ્રી વિજયવલ્લભસૂરિજીના ૬૬ વર્ષ સુધીના ચારિત્ર મહોત્સવની હીરક જયંતી મોતીશાપાર્કમાં તા. ૨૭ જુનને દિવસે ઊજવાઇ હતી; પૂ૦ આચાર્યશ્રીને પ્રમુખશ્રી તરફથી અનેક ફોટાઓ અને લેખો સાથેનો હીરક મહોત્સવ અંક સમર્પણ કરવામાં આવ્યો હતો; ચારે હીરકાઓની સહાનુભૂતિ હતી; શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ સ્વાગત પ્રમુખ હતા અને શ્રી શ્રેયાંસપ્રસાદ જૈન પ્રમુખસ્થાને હતા. ચાર હીરકાની ઐક્ય સમિતિ પીસ્તાલીશ જણની નીમાઇ હતી, વિવાદાસ્પદ પ્રશ્નો બાજુએ રાખી જૈન સાહિત્યનું ભારત અને યૂરોપ, અમેરિકામાં ઉપયોગી થાય તેવી રીતે પ્રકાશન કરવું, સાધર્મિક બંધુઓની બેકારી ટાળવી અને ઉન્નતિ કરવી વિગેરે મુખ્ય ઠરાવો હતા. પ્રસ્તુત ઠરાવો માત્ર યોજનારૂપે જ ન રહે પરંતુ વહેલી તકે સક્રિય બને તેમ ઇચ્છીએ. ગત વર્ષમાં નવમો વૈશાલી (સંઘ)મહોત્સવ પં. રતિલાલજીના પ્રમુખપદે ઉજવાયો; જેમાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનો થયાં હતાં; વૈશાલીનો પ્રાચીન ઇતિહાસ રજુ થયો હતો. જૈન ધાર્મિક શિક્ષણસંઘ પ્રથમ પાઠશાળા પરિષદ, મુંબઇમાં શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.ના અધ્યક્ષસ્થાને તથા ઘાટકોપરમાં જ્ઞાનરસિક દોશી અમૃતલાલ કાલીદાસના પ્રમુખસ્થાને તથા શ્રી મનઃસુખલાલ તારાચંદ મહેતાના પ્રમુખપદે ભરવામાં આવી હતી; જેમાં ઉભયના ભાષણોમાં ધાર્મિક શિક્ષણ સંસ્થાઓનું સંગઠન કરવાની અને શિક્ષકો તૈયાર કરવાની ખાસ સૂચના કરવામાં આવી હતી. સાત ઠરાવો થયા હતા. આ પ્રસંગે શેઠ રમણલાલ દલસુખભાઇ જેઓ આ સંસ્થાના પ્રમુખશ્રી છે તેઓ તથા શ્રી મનઃસુખલાલ મહેતાએ જેમને ભીષ્મપિતામહ તરીકે સંબોધ્યા હતા તે શેઠ જીવતલાલ પ્રતાપશી પણ હાજર હતા. દિગંબર પ્રાચીન-તમ ગ્રંથ ષટ્ખંડાગમ કે જે પુષ્પદંત અને ભૂતબલિ આચાર્યવિરચિત પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેની પ્રાચીન તાડપત્રની પત્ર કર્ણાટક દેશમાં મૂડબિદ્રી નામના સ્થાનમાંથી અત્યાર સુધી અલભ્ય પ્રત હતી તે ભંડારમાંથી નીકળી છે. તે પ્રતના ૯૩મા સૂત્રમાં **संजद** શબ્દ નીકળ્યો છે; તે ઉપરથી પ્રો૦ **હીરાલાલ જૈન** દિગંબર પંડિત નાગપુરવાળાએ સ્ત્રીને મોક્ષ હોવાનું સિદ્ધ કર્યું છે તેમજ કેવલીને ભોજન હોવાનું. માત્ર નગ્નપણામાં જ મુક્તિ ન હોઇ શકે તેમ દિગંબર સિદ્ધાંત અને કર્મના નિયમને અનુસરીને સિદ્ધ કર્યું છે. આ ત્રણે શ્વેતાંબર અને દિગંબર વચ્ચેના મુખ્ય વિરોધી મુદ્દાઓનું સુંદર રીતે રપણી-કરણ કરી શ્વેતાંબર માન્યતાને સિદ્ધ કરી છે; તે તેમના પ્રકાશિત થયેલા '**સિદ્ધાંતસમીક્ષા**' નામના ગ્રંથથી સમજી શકાશે. તેમના નિષ્પક્ષપાત અને પ્રમાણિક સૈદ્ધાંતિક અભિપ્રાય માટે ધન્યવાદ ઘટે છે. ઓલ ઇંડિયા ફેાન્ફરન્સ કમીટીના નવા પ્રમુખ શ્રીયુત **પોપટલાલ રામચંદ** કે જેઓ મુંબઇ ધારાસભાના સભ્ય છે, સાદું જીવન જીવનારા છે, પ્રખર વક્તા છે, અનેક ક્ષેત્રોમાં સેવા બજાવતા આવ્યા છે તેમની નીમણુક સર્વાનુમતે થઇ છે અને ત્યારપછી શ્રીયુત **મોહનલાલ દીપચંદ ચોક્સી** કે જેઓ પ્રમુખશ્રીની માફક સાદું જીવન જીવનાર, ફેાન્ફરન્સના કાર્યના વર્ષો થયાં પ્રચારક, **આત્માનંદ જૈન** સભા મુંબઇના નિયામક, સેવા ભાવનામાં સદા તત્પર, વક્તા અને લેખક છે તેમની ઉપપ્રમુખપદે નીમણુક થઇ છે; ઉભયને ધન્યવાદ ઘટે છે પરંતુ ફેાન્ફરન્સનું મુખ્ય કાર્ય સંગઠનનું છે તે ધ્યાનમાં રાખી મધ્યમ વર્ગના સાધર્મિક બંધુઓના ઉદ્ધારની યોજના લાંબા ગાળાની ન થાય પરંતુ શીઘ્ર રીતે પાંચ લાખ રૂપીઆનો અમલ થઇ બેકારી ટળે તે માટે–વહેલી તકે પ્રયત્ન કરવાની સૂચના કરીએ છીએ. સાવરકુંડલામાં જૈન વિદ્યાર્થીગૃહના શિલારોપણની ક્રિયા શેઠ **ભોગીલાલ મગનલાલ** હસ્તક જેઠ શુદ ૧૦ થઇ હતી તેમજ **બોટાદ જૈન** સંઘ તરફથી જિનાલયનો શતાબ્દિ મહોત્સવ આ. મ. શ્રી **ચંદ્રસાગરસૂરિજી**ની નિશ્રામાં થયો હતો. ડો. **વોલ્ટર સ્કેાચ મોરર** કે જેઓ વોશીંગ્ટન–અમેરીકામાં દક્ષિણ એશિયા વિભાગના ગ્રંથપાલ છે તેઓ અષાઢ શુદી ૧૫ સ્ટીમરમાં અમેરિકાથી પંદર નિષ્ણાત સ્કેાલરો સાથે મુંબઇ આવ્યા છે અને આ. શ્રી **વિજયવલ્લભસૂરિ**ના દર્શનાર્થે આવી ગયા છે. તેઓ નવ માસ સુધી પુના **ભાંડારક** ઈન્સ્ટીટ્યુટમાં જૈન દર્શનના સિદ્ધાંતોનો અભ્યાસ કરશે. પછી ભાષણો આપશે તેમજ અન્ય મુનિરાજોની પણ મુલાકાત લેશે. આ રીતે ગત વર્ષમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, દીક્ષા, કેળવણી વિગેરેનાં અનેક સત્રો જૈન સૃષ્ટિમાં પૂર્ણ થયા હતાં.

ઉપરાંત ગત વર્ષમાં પૂ. આ. મ. શ્રી **વિજયકસ્તૂરસૂરિજી** જેઓ આત્માનંદ પ્રકાશમાં વારંવાર તત્ત્વજ્ઞાન પૂર્ણ લેખો આપતા હતા તેમનો, સભાના પેટ્રન શ્રી **ચીમનલાલ** ડાયાભાઇ, ફેાન્ફરન્સના પિતા શ્રી ગુલાબચંદ ઢઢ્ઢા, શ્રીયુત **સુરચંદ** પુરુષોત્તમદાસ બદામી, પંડિત **લાલન**, શ્રી મકનજી જુઠાભાઇ બેરીસ્ટર વિગેરેનાં અવસાન માટે સભા દિલગીરી દર્શાવે છે અને તેમના અમર આત્માને શાંતિ ઇચ્છે છે.

લેખદર્શન—

ગત વર્ષમાં પદ્ય વિભાગના ૪૧ લેખો અને ગદ્ય વિભાગના ૫૦ લેખો આપવામાં આવ્યા છે. પદ્ય લેખોમાં કવિકુલકિરીટ પૂ. આ. શ્રી **વિજયલબ્ધિસૂરિજી**ના શ્રી **મહાવીર** સ્તવનો વિગેરે ૭ કાવ્યો, સાહિત્ય-રત્ન પૂ. મુ. શ્રી **જંબૂવિજયજી**નું **પાર્શ્વ** જિનેશ્વર સ્તવન, મુ. શ્રી **નેમવિજયજી**નું **શાંતિ** જિન સ્તવન, પં. **રામવિજયજી** ગણિના સ્વ. **મોહનવિજયજી**(લટકાળા)ના શ્રી **ઋષભદેવ** વગેરે ચાર જિનેશ્વરોના ભાવાર્થ સાથેના સ્તવનો, મુ. **વિનયવિજયજી**ના ગુરુસ્તુતિના બે કાવ્યો, શીઘ્રકવિ મુ. શ્રી **દક્ષવિજયજી**નું **મહાવીર** જિન સ્તવન, સાક્ષર શ્રી **હીરાલાલ રસિકદાસ** કાપડીઆના સંસારદાવાનલ સ્તુતિના અનુવાદમય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રણ લેખો, ડૉ. વલ્લભદાસ નેણસીભાઇના અતીત ચોવીશીના શ્રીમદ્ દેવચંદ્રજી રચિત આઠ જિનેશ્વરના વિવેચન સહિત સ્તવનો, સં૦ ભવાનભાઈ પ્રાગજીના શ્રી આદિનાથ ભગવાનની પ્રાર્થના વિગેરે ૭ કાવ્યો, અચ્છા બાળાના સદ્‌ગુણપૂજન વિગેરે ત્રણ કાવ્યો, શ્રી અમરચંદ માવજીનું પર્યુષણ કર્તવ્યનું કાવ્ય, શ્રી કમળાહ્રેત સૂતરીઆ M. A.નું માનવતાના પુષ્પોવાળા કાવ્ય, અને શ્રી જવાનમલ ફુલચંદજીના સામાન્યજિન સ્તવન વિગેરે ત્રણ કાવ્યો—આ તમામ કાવ્યો સુલલિત અને ગંભીર ભાવાર્થવાળાં છે; ગદ્ય લેખોમાં પૂ૦ આ૦ શ્રી વિજયજંબૂસૂરિજીનો વર્ષીતપ મહિમાનો લેખ, મુ૦ લક્ષ્મીસાગરનો કયો પુરુષાર્થ કરશો ? તથા મનુષ્ય જીવનનું સાફલ્ય કેમ થાય ? એ બે લેખો, પૂ૦ આ૦ શ્રી વિજય વલ્લભસૂરિએ મુંબઇમાં આપેલા વ્યાખ્યાનોમાંથી વલ્લભવાણી; તેજસ્વી પ્રતિભાવાળા મુ૦ ચંદ્રપ્રજ્ઞાસાગરજીનો મૃત્યુની ગાડીનો લેખ, સાહિત્ય સંશોધક પ્રો૦ હીરાલાલ કાપડીઆનો સિદ્ધસેનદિવાકરની કૃતિઓ તથા વાચકયશના વંશવૃક્ષ સાથેના છ લેખો, એ. આર. રંગાસ્વામી આયંગરના ભર્તૃહરિ અને દિઙ્નાગનો અનુવાદ સાથેનો લેખ, સ્વ૦ મોતીચંદ ગિરધરલાલના ધર્મ કૌશલ્યના બે લેખો, ઉમાકાંત પ્રેમાનંદ શાહનો સોનગુફા ભંડારનો શિલાલેખ, સં૦ ભવાનભાઇ પ્રાગજીના અહંકારશુદ્ધિ વિગેરે ચાર લેખો, પં૦ શ્રી કનકવિજયજી ગણિના દીપમાળાના બે લેખો, તત્ત્વભૂમિમાં ઉછરતા લેખક શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલના ચૈતન્યવિકાસ વિગેરે પાંચ લેખો, શ્રીમતી કમળા બહેન સૂતરીયા M. A. ના કુદરતી ઉપચારો અને સહજસમાધિના બે સંગ્રહીત લેખો, મિલાપ અને ધર્મપ્રભા માસિકમાંથી ઉદ્ધૃત બે લેખો, શ્રી મફતલાલ સંઘવીનો આપણું જીવનનો લેખ, સાહિત્યસંશોધક પૂ૦ મુ૦ શ્રી જંબૂવિજયજી ઉપર ડૉ. એફ્. આર. હેમ, [1]મુરારિલાલ નાગર (અમેરિકાના જૈનદર્શન શાસ્ત્રના અધ્યાપક) પ્રો૦ ડેનીઅલ ઇંગોલ્સ (હાર્વર્ડ યુનિવર્સિટી હિંદી વિભાગના અધ્યક્ષ) અને વોશીંગ્ટન–કોંગ્રેસલાઇબ્રેરીના ગ્રંથપાલ ડૉ૦ મૌરર વિગેરેના આવેલા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય સંબંધીના પત્રો અનુવાદ સાથેનો લેખ, શ્રી જિજ્ઞાસુ મુનિરાજનો શ્રીમદ્ રાજચંદ્રની પવિત્ર વિચારશ્રેણિવાળો લેખ, પ્રો૦ જયંતીલાલ ફવે M A કે જેમણે અનેકાંતવાદ અને નમસ્કાર મંત્રનો ગુજરાતી સરલ ભાષામાં ભાષાંતર કરેલાં હતા તેમને 'તૃષ્ણાનો પ્રભાવ' લેખ, અચ્છાબાળાનો સાચો સજ્જન કોણ? મુ. વિનયવિજયજીએ પૂ૦ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિને પૂછેલા પ્રશ્નો, કૂતેહચંદ ઝવેરભાઇના નૂતનવર્ષનાં મંગલમય વિધાનવાળો લેખ, તથા ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ (સેક્રેટરી) તરફથી સ્વીકાર અને સમાલોચનાના દશ અને વર્તમાન સમાચારના નવ લેખો–આ તમામ ગદ્ય પદ્ય લેખોના વાચનનું પરિણામ વાચકોના ક્ષયોપશમાદિ ભાવોને અર્પણ કરીએ છીએ. નૂતન વર્ષમાં કાવ્યસર્જકોને પ્રશસ્ત ભાવે આમંત્રણ કરીએ છીએ તેમજ નૂતનવર્ષમાં એવા લેખો લખાય કે જેમાં મધ્યમવર્ગની પરિસ્થિતિ સુધરવાની યોજનાઓ હોય, જૈન સમાજમાં સંગઠન ઊભું થાય, નવું ચેતન રેડાય, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ સધાય, વાચકોના આત્માઓને જૈન સિદ્ધાંતનાં રહસ્યોનાં અનુભવની વાનકીઓ મળે, અને તેવડે આત્મામાં સહજાનંદનાં પ્રકાશનો કિરણો પ્રકટી શકે. ગતવર્ષના લેખોમાં સમજફેરથી જૈન સિદ્ધાંતથી વિપરીતપણું આવેલું હોય તેને માટે સભા 'મિચ્છામિ દુક્કડં' આપે છે.

સાહિત્યપ્રચાર અને ભાવના—

સ્વ૦ ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજના મંગલમય નામથી ૫૮ વર્ષ પહેલાં સ્થાપિત પ્રસ્તુત

[1] Professor of International Academy of Indian culture Nagpur.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભા પેટ્રનો, લાઇફમેંબરો, સાહિત્યસીરીઝ અને સભ્યોથી બલવત્તર બનતી ગઈ છે: સં૦ ૨૦૦૮ ના આસો વદ ૦)) સુધી ૬૨ પેટ્રનો, અને ૬૬૦ લાઇફ મેંબરો સહિત કુલ ૭૨૨ સભાસદો છે; સસ્તા-સાહિત્યની સીરીઝમાં ગત વર્ષમાં સ્વ૦ શેઠ શાંતિદાસ ખેતસી ટ્રસ્ટફંડ તથા શેઠ શ્રી જીવતલાલ પ્રતાપ-સીની સહાયથી સીરીઝનું બીજું પુસ્તક પૂ૦ મુ૦ શ્રી ભાનુવિજયજીની મંગલમય લંબાણ પ્રસ્તાવના સાથે નમસ્કાર મહામંત્ર પ્રકટ થઈ ચૂક્યું છે; શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ભાષાંતર કે જે શેઠ ભોગીલાલ મગનલાલની સીરીઝ તરીકે તૈયાર થયું છે તે તેમને સમર્પણ કર્યા પછી ભેટ રૂપે પેટ્રન સાહેબો અને લાઇફમેંબરો વિગેરેને અપાઇ ગયેલ છે. એ રીતે સં૦ ૨૦૦૬ માં શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર સચિત્ર, જ્ઞાનપ્રદીપ ભા. ૩ જો, અને નમસ્કારમંત્રની બુકો ભેટ તરીકે અપાઇ ગયા છે. નવા થનાર પેટ્રન સાહેબોને સં. ૨૦૦૫ થી સં. ૨૦૦૬ની ભેટોનાં તમામ પુસ્તકો સિલિકમાં હશે ત્યાં સુધી મળી શકશે. દ્વાદશારનયચક્ર કે જે અઢાર હજાર શ્લોકનો ગ્રંથ છે તે પરમોપકારી મુનિરાજશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી સાહિત્ય-રત્ન મુ૦ શ્રી જંબૂવિજયજીના સંશોધનપૂર્વક લગભગ પ્રથમ ભાગ તૈયાર થઇ જવા આવ્યો છે, ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર મૂળ બીજો ભાગ પર્વ બેથી ચાર તૈયાર થઇ ગયો, બૃહત્કલ્પસૂત્ર ભાગ છઠ્ઠો સાહિત્યરત્ન મુ. પુણ્યવિજયજીની વિસ્તૃત પ્રસ્તાવના સાથે પ્રકાશિત થઇ ગયો છે. સ્વ૦ પૂ૦ મણિવિજયજી દાદાની પ્રાચીન પેઢીના વિદ્યમાન વારસ મુખ્ય શિષ્ય પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયસિદ્ધિસૂરિજી કે જેમની ઉમ્મર લગભગ ૧૦૧ વર્ષની છે, તેમના પ્રશિષ્ય મુ૦ શ્રી ભુવનવિજયજીના શિષ્ય મુ૦ શ્રી જંબૂવિજયજી છે, જેઓ સંસારી અવસ્થાના પિતાપુત્ર છે તથા સ્વ૦ દાદાગુરુ પ્ર૦ શ્રી કાંતિવિજયજી મહારાજના પ્રશિષ્ય વિદ્વદ્રત્ન મુ૦ શ્રી પુણ્યવિજયજી એ ઉભય મુનિરત્નોની કૃપા પ્રસ્તુત સભા તરફ ચાલુ રહી છે, જેથી એ ઉભય મુનિરાજોનો સાહિત્યોદ્ધારના કાર્ય માટે સપ્રસંગ આભાર માનવામાં આવે છે. અનેકાંતવાદ ઇંગ્રેજી મૂળ નિબંધ સભા તરફથી શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસી તથા સ્વ૦ શેઠ શાંતિદાસ ખેતસી ટ્રસ્ટ ફંડની યાદગીરીમાં ઉપપ્રમુખ પ્રો૦ શ્રી ખીમચંદભાઈ ચાંપસીની દેખરેખ નીચે છપાય છે. જે ભારતમાં તથા યૂરોપ-અમેરિકામાં જૈનદર્શનનું રહસ્ય સમજવામાં ઉપયોગી થઈ પડશે. હજી સભાના સાહિત્યપ્રચાર સંબંધમાં અનેક ત્રુટિઓ છે, જેમાં સસ્તા સાહિત્યની વિશાળ યોજના, આત્માનંદ પ્રકાશ માસિકને અખંડાનંદ જેવું બનાવવા વિગેરે વિગેરે છે, પણ તે સંજોગોવશાત્ પાર પડી શકી નથી; પરંતુ કહેવું જોઇએ કે વિદ્વાન્ અને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ લખનાર લેખકો ઉપર પણ નિર્ભર છે, આ અમારી ભાવના ફલિત થાય તેમ ઇચ્છીએ છીએ અને પ્રસ્તુત સભાના વયોવૃદ્ધ કાર્યકર માનવંતા મંત્રીશ્રી વલ્લભદાસભાઈ તરફ સુંદર સાહિત્ય પ્રકાશન માટે પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયલબ્ધિસૂરિ, પૂ૦ પં૦ શ્રી કનકવિજયજીગણિ, પૂ૦ મુ૦ શ્રી જંબૂવિજયજી તથા પં૦ બુશ્રાલચંદ વરતાભાઇ તરફથી સુંદર અભિપ્રાયો આવેલા છે, જે ગત વર્ષના આત્માનંદ પ્રકાશમાં પ્રસિદ્ધ થયેલા છે. તે ઉચિત વ્યવહાર તરીકે સાદર કરીએ છીએ તેમજ મા૦ પ્રમુખ શ્રી ગુલાબચંદ શેઠ, ઉપપ્રમુખો, મંત્રીવર્યો અને વ્યવસ્થાપક કમિટિને પ્રસ્તુત વર્ષમાં કરેલા પ્રશસ્ત કાર્યો માટે અભિનંદન ઘટે છે.

અંતિમ પ્રાર્થના.

વૈરાગ્યશતકમાં અનિત્ય ભાવનાની દૃષ્ટિએ એક રૂપક છે જેમાં "ચંદ્ર અને સૂર્યરૂપ બે બળદો, દિવસો અને રાત્રિઓરૂપ ઘટિકાઓ દ્વારા મનુષ્યોના જીવન-કૂપમાંથી આયુષ્યરૂપ પાણીને બહાર કાઢી કાળરૂપ અરહટ્ટ(રેંટ)ને ચલાવ્યા કરે છે." મતલબ કે ત્યાં પાંચ કારણોમાં વ્યવહાર કાળની મુખ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શાવેલી છે. શ્રી ભગવતી સૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં શ્રી મહાવીર પરમાત્માએ જીવ અને અજીવના પર્યાયરૂપે નિશ્ચયનયથી દ્રવ્યને કહેલું છે, વ્યવહારદૃષ્ટિએ તો એક સમયથી પુદ્ગલાવર્ત સુધીની કાળગણના છે, પરંતુ નિશ્ચયદૃષ્ટિએ આત્માના પર્યાયો ક્ષણે ક્ષણે પલટાતા (Evervarying) જાય છે. અનાદિકાળથી આત્માના પર્યાયો ભિન્ન ભિન્ન શરીરરૂપે અથવા અન્યરૂપે પલટાતા આવ્યા છે. અનંતકાળને આત્મા પચાવી ગયેલ છે; પરંતુ આત્માને કાળ ગ્રસી શકયો નથી–શકશે નહિ, દ્રવ્યદૃષ્ટિએ અનાદિકાળથી એક અને અખંડરૂપે રહેતો આત્મા આખા વિશ્વમાં શાશ્વત જીવન અનુભવે છે. આ વસ્તુસ્થિતિને અનુરૂપ સ્વ૦ સાક્ષર નરસિંહરાવ મૃત્યુને જરા થોભવા માટે અન્યોક્તિ કરતાં કહે છે કે– "સુખ કોશ હજી ભરીઆ ન પૂરા, હજી ગાન ગાન બધાં મુજ છે અધૂરાં; મુજ અશ્રુ હજી સબળાં ન ઢળ્યાં, પળ વાર જ મોત તું થોભ્ય ભલા." આ અન્યોક્તિ પછી રમરણસંહિતામાં તેઓ કહે છે કે–'દીઠું જીવન તત્ત્વ સનાતન, મૃત્યુ મરી ગયું રે લોલ' ત્યારે તેમાંથી પ્રશ્ન થાય છે કે મૃત્યુ મરી જાય તેનો ઉપાય શું? શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચક તત્ત્વાર્થ ભાષ્યમાં કહે છે કે–"કર્મના ક્લેશથી છૂટવું એ જ મૃત્યુના મારણનો ઉપાય છે." ખરેખર મનુષ્ય પૂર્વ સંસ્કારોનો વારસો લઈને જન્મે છે; તે યુગ યુગનો મુસાફર તથા ઘણા દેશનો મહાન યાત્રી છે. શ્રી વિનોબા ભાવે કહે છે કે–'જીવનનો બીજો છેડો મરણને અડે છે. એ વાત ખ્યાલમાં રાખી છેવટની ઘડી પુણ્યમય, અત્યંત પાવન, ફળ કેવી રીતે થાય એનો અભ્યાસ આયુષ્યભર રાખવો જોઇએ. ઉત્તમમાં ઉત્તમ સંસ્કાર મન પર કેમ ઠસે તેનો વિચાર આજ ને આજ થવો જોઇએ; જે ક્ષણે ભૂલ સમજાય તે ક્ષણ પુનર્જન્મની ગણજો, તે તમારું નવું બાળપણ, તે તમારા જીવનની બીજી નવી સવાર છે–એમ સમજજો"–વસ્તુતઃ આત્મા અમર હોવા છતાં પાંચ સમવાયોને આધીન થઇ કર્મોના બંધનથી પરાધીન બનતાં તે સંસારમાં મૃત્યુના ભયપૂર્વક ભટકતો રહ્યો છે. વાસ્તવિક અર્થમાં તે મુક્તિ મેળવી શકયો નથી. નિગોદથી માંડીની માનવ જન્મ પહેલાં ભવિતવ્યતાની મુખ્યતા હતી પરંતુ મનુષ્ય જન્મથી પુરુષાર્થની મુખ્યતા બની રહે છે. મનુષ્ય જન્મ, પંચેંદ્રિય સંપૂર્ણતા, સદ્ગુરુસંયોગ, શાસ્ત્રશ્રવણ અને જિનધર્મની પ્રાપ્તિ વિગેરે પૂર્વ પુણ્યયોગે પ્રાપ્ત થાય છે; વ્યવહારથી શુદ્ધ દેવ ગુરુની શ્રદ્ધા અને નિશ્ચયથી આત્માના વસ્તુ સ્વભાવની ઓળખાણ પ્રાપ્ત થતાં આધ્યાત્મક બીજનાં દર્શન થાય છે અર્થાત સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે; પછીથી આત્માનું સાધ્ય ક્ષણેક્ષણે થતું ભાવ મરણ ટાળવા માટે મુક્તિનું જ હોય છે; આત્માને ચારિત્રબળમાં તૈયાર થવા માટે પ્રશસ્ત પુરુષાર્થ શરૂ થાય છે; જિનપૂજા, સામાયિક, વ્રતો, જ્ઞાનાભ્યાસ, તપશ્ચર્યા, શીલ, દયા, દાન, વ્યાખ્યાનશ્રવણ મધ્યમ વર્ગના સાધર્મિક બંધુઓનો ઉદ્ધાર વિગેરે યોગોને આચરતાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય અને ધ્યાન શક્તિને ખીલવવાના આચારોમાં પ્રશસ્તપણે પ્રગતિ કરતાં જૈન ધર્મની ઉન્નતિનાં અનેક કાર્યો કરી અશુભ કર્મોની નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે. અનેક જન્મનાં સંસ્કારો ગાઢ થતાં આત્માનાં સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રવાળો સમૃદ્ધ થતાં જાય છે; કર્મોથી સ્વતંત્ર મુક્તિ થવાના પ્રબળ પુરુષાર્થને પરિણામે સત્તાગત શુભ વાસનાઓનો પણ ક્ષય થતાં પુણ્ય અને પાપ–ઉભયકર્મોનો ક્ષય થઇ શાશ્વતપણે મુક્તિ થાય છે અને સ્વરૂપ અવસ્થાન શક્તિ (Power of Selfresistence) હમેશને માટે પ્રાપ્ત કરે છે. આ પરમાત્મ સ્વરૂપ મેળવવાની ઉત્તમ કળા પ્રસ્તુત પત્રના વાચકો પ્રાપ્ત કરે. માનવલક્ષી જીવનસાધના સફળ કરે અને પરિણામે આત્માનંદવાળો પ્રકાશ કે જે કર્મરૂપ વાદળોથી ઢંકાઇ ગયો છે તેનો આવિર્ભાવ કરે એ મંગલમય ભાવના સાથે પર્યુષણ પર્વના સારભૂત–રહસ્યરૂપ **खामेमि सव्वजीवे–सव्वे जीवा खमंतु मे** સકળ જીવસૃષ્ટિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષમાપનાપૂર્વક ઉપસંહારમાં **નમો સિદ્ધાણં**ના મંગલમય પદનું સ્મરણ કરી 'પુરુષાર્થસિદ્ધ્યુપાય' ગ્રંથમાં શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત સિદ્ધ પરમાત્માના સ્તુતિ-શ્લોકને સાદર કરી વિરમવામાં આવે છે.

कृतकृत्यः परमपदे परमात्मा सकलविषयविषयात्मा ।
परमानंदनिमग्नो ज्ञानमयो नन्दति सदैव ॥

"જે કૃતકૃત્ય છે, (૪૫) લક્ષ યોજન લાંબી, પહોળી સિદ્ધશિલા ઉપર વિરાજે છે, સકલ સ્થાવર જંગમ પદાર્થોના જ્ઞાતા છે, શાશ્વત આનંદમાં મગ્ન છે તે સર્વજ્ઞ પરમાત્મા સર્વદા જયવંત વર્તે છે"

મુંબઇ સં. ૨૦૦૬
શ્રાવણ શુદી ૧ સોમવાર
તા. ૧૦-૮-૫૩

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ફતેહચંદ છવેરભાઇ

પંજાબદેશોદ્ધારક ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર-(શ્રી આત્મારામજી મહારાજ)ના પટ્ટધર આચાર્યવર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના સાધુ સાધ્વીઓના ચોમાસાં.

૧	પંજાબકેસરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ ભાયખલા મુંબઇ	૧૮	મુનિશ્રી વિબુધવિજયજી મ. સેવાડી
		૧૯	મુનિશ્રી સંતોષવિજયજી, મિત્રવિજયજી ડભોડા
૨	ઉપાધ્યાય શ્રીપૂર્ણાનંદવિજયજી મહારાજ શ્રી આદીશ્વર જૈન મંદિર ઉપાશ્રય પાયધુની	૨૦	મુનિશ્રી નરેન્દ્રવિજયજી અમદાવાદ
			સાધ્વીઓના ચોમાસા.
૩	પંન્યાસ વિકાસવિજયજી મહારાજ આદિ ધાટકોપર	૧	પ્રવર્તની સાધ્વીજી શ્રી હેમશ્રીજી આદિ સાધ્વીજી શ્રી વસંતશ્રીજી આદિ. પાલીતાણા
૪	શ્રી ઇંદ્રવિજયજી મ. આદિ દાદર	૨	શીલવતીશ્રીજી તથા વિદુષી સાધ્વી મૃગાવતીશ્રીજી કલકત્તા
૫	શ્રી જનકવિજયજી મ. આદિ કોટ	૩	કુસુમશ્રીજી આદિ ૧૧ ગોડવાડ હાઉસ મુંબઇ
૬	આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા બાબાજી શ્રી વિચારવિજયજી મહારાજ આદિ ઠા. સાત સીનોર (વાયા મીયાગામ)	૪	ચિત્તશ્રીજી આદિ ૮ નેમનાથ જૈન ઉપાશ્રય મુંબઇ
		૫	માણેકશ્રીજી આદિ ૬ ઠાણા (મુંબઇ)
		૬	તરૂણશ્રીજી આદિ દાદર (મુંબઇ)
૭	આચાર્ય શ્રીમદ્ વિજયઉમંગસૂરિજી મહારાજ આદિ પાલીતાણા	૭	જિનેંદ્રશ્રીજી આદિ ૫ મહેસાણા
૮	પંન્યાસ શ્રી નેમવિજયજી મહારાજ આદિ વડોદરા	૮	હિતશ્રીજી આદિ ૯ પાલણપુર
		૯	ચંદ્રશ્રીજી, પુણ્યશ્રીજી આદિ વડોદરા
૯	મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ આદિ લુણસાવાડા, અમદાવાદ	૧૦	પુષ્પશ્રીજી આદિ સુરત
		૧૧	આનંદશ્રીજી આદિ પાટણ
૧૦	પંન્યાસશ્રી રામવિજયજી મહારાજ આદિ શીરોહી	૧૨	કપૂરશ્રીજી આદિ ૧૦ ડભોઇ
૧૧	મુનિશ્રી પ્રકાશવિજયજી આદિ પાલેજ	૧૩	ભદ્રાશ્રીજી આદિ ૩ ભરૂચ
૧૨	મુનિશ્રી વિશારદવિજયજી આદિ કરજણ	૧૪	પ્રમોદશ્રીજી આદિ દેહણું
૧૩	મુનિશ્રી કુંદનવિજયજી આદિ માલણ (ડી.પાલણપુર)	૧૫	શાંતિશ્રીજી આદિ કપડવંજ
૧૪	મુનિશ્રી વિનયવિજયજી આદિ લખતર	૧૬	હેતશ્રીજી આદિ ઉમેટા
૧૫	મુનિશ્રી રામવિજયજી લાઠારા	૧૭	જયશ્રીજી આદિ ૫ ડગરા (કચ્છ)
૧૬	મુનિશ્રી હેમવિજયજી આદિ ભાવનગર	૧૮	માણેકશ્રીજી આદિ (મારવાડ)
૧૭	મુનિશ્રી હીમ્મતવિજયજી પાલીતાણા	૧૯	કલ્યાણશ્રીજી આદિ જોધપુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે

નવમા શ્રી દામોદર જિનસ્તવન.

(સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી)

સુપ્રતીતે હો કરી થિર ઉપયોગ કે,
દામોદર જિન વંદીયે;
અનાદિની હો જે મિથ્યા ભ્રાંતિ કે,
તેહ સર્વથા છેદીયે;
અવિરતિ હો જે પરિણતિ દુષ્ટ કે,
ટાળી થિરતા સાધીયે;
કષાયની કસમલતા કાપી કે,
વર સમતા આરાધીયે. (૧)

સપદાર્થ:–નવમા શ્રી દામોદરસ્વામીના શુદ્ધ સ્યાદ્વાદામૃત રસભર્યા વચન સાંભળી, આત્મ, અનાત્મ આદિ અનંત તત્વોની દૃઢી પ્રતીતિ કરી, ઉપયોગ સ્થિર કરી. દામોદરસ્વામીને પરમ આદરે વંદીયે, એટલે તેમનાં વચન અને ગુણો અતિ સન્માને આદરિયે. જીવને અનાદિથી વિપ્રયાસ વાસનારૂપ મિથ્યા ભ્રાંતિ છે તેની વીગતઃ—

જીવમાં અજીવ બુદ્ધિ, અજીવ ગુણપર્યાયમાં જીવ બુદ્ધિ, શુદ્ધાત્મ સ્વભાવ, ધર્મમાં અધર્મ બુદ્ધિ, અને પુદ્ગલ ક્રિયા પ્રવૃત્તિરૂપ અધર્મમાં ધર્મબુદ્ધિ, શુદ્ધ તત્વના જાણ સમભાવી ગુરુ ઉપર કુગુરુ બુદ્ધિ, અને જૈનતત્ત્વના અજાણ, ઉત્સૂત્રભાષી, સ્વચ્છંદતાએ ચાલવાવાળા, જૈન વેષધારી અથવા અન્ય ભેખ ધારી ઉપર સુગુરુ બુદ્ધિ, કેવલજ્ઞાની, કેવળદર્શની, પરમ સ્થિરતાવાન, અચલ, અનંત વીર્યવંત દેવ ઉપર અદેવ બુદ્ધિ, મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન, ચપલતાવંત, લબ્ધિવીર્યહીણ ઉપર દેવબુદ્ધિ, અષ્ટકર્મથી મુક્ત થયેલાને અમુક્ત જાણવા, અને અષ્ટકર્મ બંધનયુક્ત રાગ દ્વેષવંતને અથવા સ્નેહપાસમાં બંધાયેલાને મુક્ત જાણવા, એ પંચેને વિપરીત અથવા સરખા જાણવા. તથા સ્ત્રીપુત્ર કુટુંબાદિ વિષયો દાતારને મિત્ર જાણવા. અને સમ્યગ્જ્ઞાન, દર્શન, ચરણાત્મ વીર્યના દાતારને શત્રુ જાણવા. વિષય રોગના ઉપચારને સુખ જાણવું, અને શુદ્ધાત્મ સંયમમાંહે દુઃખ જાણવું. કારણને કાર્ય જાણવું અને કાર્યને કારણ જાણવું. અપવાદને ઉત્સર્ગ અને ઉત્સર્ગને અપવાદ જાણવો. પુણ્યપાપરૂપ શુભાશુભ પરિણામને ધર્મરૂપ શુદ્ધ પરિણામ જાણવો તથા શુદ્ધ ભાવધર્મને પુણ્યપાપરૂપ શુભાશુભ પરિણામ જાણવો. ઉન્માર્ગને માર્ગ અને શુદ્ધ માર્ગને ઉન્માર્ગ, આશ્રવને સંવર અને સંવરને આશ્રવ, બંધને અબંધ અને અબંધને બંધ, અકર્તાને કર્તા અને કર્તાને અકર્તા, અકારણને કારણ અને કારણને અકારણ, અકાર્યને કાર્ય અને કાર્યને અકાર્ય, અકારકને કારક, તથા કારકને અકારક, અપ્રમાણને પ્રમાણ, તથા પ્રમાણને અપ્રમાણ, કુનયને સુનય અને સુનયને કુનય, કુવચનને સુવચન, અને સુવચનને કુવચન, સમભાષીને વિષમભાષી, તથા વક્રભાષીને સમભાષી, ઉલટભાવને સુલટભાવ, તથા સુલટભાવને ઉલટભાવ એ આદિ વિપર્યાસ વાસનાના અસંખ્યાત અધ્યવસાય છે તે સર્વે જડમૂળથી ઉચ્છેદીયે. મન–વચન–કાયા એ ત્રણે યોગો સદા અવ્રત અને વિષય કષાયમાં પ્રવર્તે છે એટલે તે રાતદિન સર્વે સમય પાંચ વિષય, પાંચ અવ્રત તથા ચાર કષાયથી નિવર્ત્તતા નથી. એવી દુષ્ટ એટલે આત્માને અનંત દુઃખ આપનારી અવિરતિની પરિણતિ અનાદિથી લાગેલી છે તે દુષ્ટ પરિણતિ ટાળી વિષયો, અવ્રતાદિકથી નિવૃત્તિ લઇ શુદ્ધાત્મભાવમાં પરમ સ્થિરતા સાધીએ. મૂળ ચાર કષાય અને કષાયના કારણરૂપ નવ નોકષાય, તેથી આત્મઅંગ અને આત્મગુણો કષાય છે એટલે શોષાય છે તે કષાય મેલથી ઉપજતી કસમલતા કહેતાં કલુષતા કાપીને વરપ્રધાન નિજ આત્મ–દ્રવ્ય–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષેત્ર–કાળ–ભાવમાં પરમશાંતિ, પરમસમાધિ, અને પરમસંતોષરૂપ સમતા સેવીએ એટલે પરદ્રવ્યાદિમાં અનાદિથી પોતાપણું માનેલું છે તે સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં જ પોતાપણાની બુદ્ધિ થાય ત્યારે જ પરમ સ્વતંત્ર શુદ્ધ શાંતિ તુષ્ટિ થાય. (૧)

જંબૂને હો ભરતે જિનરાજ કે,
નવમા અતીત ચોવીશીયે;
જસ નામે હો પ્રગટે ગુણરાશિ કે,
ધ્યાને શિવ સુખ વિલસીયે;
અપરાધી હો જે તુજથી દૂર કે,
પરિભ્રમણ દુઃખના ધણી;
તે માટે હો તુજ સેવા રંગ કે,
હોજો એ ધ્રુચ્છા ધણી. (૨)

શબ્દાર્થ:–આ જંબૂદ્વીપના દક્ષિણ ભરતમાં ચોવીશીમાં નવમા દામોદરસ્વામી નામે તીર્થંકર થયા જેનું નામ સાંભળતાં અને જેના વચન હૃદયમાં ધારતાં જ્ઞાનાદિક, ક્ષાંત્યાદિક અનંત શુદ્ધાત્મગુણનો જથ્થો પ્રગટ થાય અને જેના ધ્યાનથી એટલે દામોદર સ્વામીએ જે ધ્યાન કર્યું અને જે ધ્યાન શિવસુખ માટે બતાવ્યું તે ધ્યાન આદરીએ તો ઉપદ્રવ રહિત શાશ્વત સહજ પરમાનંદ સુખ વિલાસ પામીએ. તમારી આજ્ઞાથી જે વેગળા રહે છે તે તમારા તથા આત્મશુદ્ધતાના, અને મોક્ષમાર્ગના અપરાધી થઇ ભવભ્રમણ કરતાં ભારે અને ઘેરાં દુઃખ ભોગવવાના, તે માટે મારે તો તમારી અખંડ આજ્ઞા સેવવામાં રંગ રહેજો એ જ મારી પરમ જિજ્ઞાસા છે. (૨)

મરુધરને હો જીમ સુરતરુ લુંબ કે,
સાગરમેં પ્રવહણ સમો;
ભવ ભમતાં હો ભવિજિન આધાર કે,
પ્રભુ દરશન સુખ અનુપમો;
આતમની હો જે શક્તિ અનંત કે,
તેહ સ્વરૂપ પદે ધર્યા;
પારિણામિક હો જ્ઞાનાદિક ધર્મ કે,
સ્વ સ્વકાર્યપણે વર્યા. (૩)

શબ્દાર્થ:–મારવાડની ભૂમિમાં કલ્પતરુની લુંબો કહેતાં આમ્રવૃક્ષના ઝૂમખાં મળવાં દુર્લભ, તેમ આ દુઃષમકાળ પાંચમા આરામાં તારાં અનંત જ્ઞાન, અનંત ન્યાય અને પરમ દયામયી વચનપર્યાયોની લુંબો મળવી ઘણા લોકોને દુર્લભ જાણવી અને તમને પ્રબળ પુણ્યપસાયે પ્રભુવચનનો લાભ થયો તે આશ્ચર્ય જેવું જાણી ચિત્તમાં આનંદ અને ઉલ્લાસ પામીએ છીએ. એટલે ભરસમુદ્રમાં ડોલાં ખાતાને જેમ દ્રઢ પ્રવહણ આવી મળે તેમ અમે પણ સંસાર-સમુદ્રમાં ડૂબકીઓ ખાતાને તારા સ્યાદ્વાદ વચનરૂપ દ્રઢ જહાજ આવી મળ્યું તે પણ પરમાનંદનું જ કારણ છે. ભવભ્રમણ કરતા ભવિ જીવોને તારો જ આધાર છે અથવા તારાં પ્રરૂપેલાં શુદ્ધ વચન પ્રરૂપકનો આધાર છે, પણ જે તારી આજ્ઞાથી ઉલટા દુર્મતીઓના વચન આધારે વર્તે છે તેને તો જેમાં મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાયરૂપ ખારું પાણી ભર્યું છે એવા ભવસમુદ્રમાં પ્રત્યક્ષપણે ડૂબતા દેખીયે છીએ. તારી આજ્ઞામાં રહેવું એ જ તારું દર્શન તેથી જે સુખ પામીએ તેને સાંસારિક ઉપચરિત સુખની ઉપમા લાગી શકે નહીં. હે પ્રભુજી ! તમે આત્માની અનંત શક્તિ પૂર્ણ પર્યાયે સ્વસ્વરૂપ પદે ધારણ કરી. અને તમે જ્ઞાનાદિક નિજ આત્મ અનંતધર્મના પરિણામી થયા એટલે કારકચક્ર જે ઉલટું ફરતું હતું તે પલટી સુલટયું એટલે જ્ઞાન–દર્શન–ચરણાદિક આત્મિક અનંત ગુણો સહજ સ્વતંત્રતાએ અન્ય કારણ વિના અને પ્રયાસ વિના સર્વે સમય ધમધોકાર પોતપોતાના કાર્યમાં લાગ્યા એટલે પરપારિણામિકતાનો અંશ માત્ર ક્યાં રહે? અર્થાત્ ન જ રહે. (૩)

અવિનાશી હો જે આત્માનંદ કે,
પૂર્ણ અખંડ સ્વભાવનો;
નિજ ગુણનો હો જે વર્તન ધર્મ કે,
સહજ વિલાસી દાવનો;
તસ ભોગી હો તું જિનવર દેવ કે,
ત્યાગી સર્વ વિભાવનો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિક્રમની વીસમી સદીની સાહિત્ય–પ્રવૃત્તિ.

(લેખકઃ—પ્રો. હીરાલાલ રસીકલાલ કાપડિઆ એમ, એ.)

સાહિત્યને અંગેની પ્રવૃત્તિના સર્જન, સંપાદન, સંશોધન, સંરક્ષણ અને પ્રકાશન એમ વિવિધ પ્રકારો પડે છે. આ જાતજાતની પ્રવૃત્તિઓ વિવિધ કારણોને આભારી છે. કેટલાક જનો કેવળ નિઃસ્વાર્થપણે સેવાભાવે સાહિત્ય–પ્રવૃત્તિ કરે છે. કેટલાક એને ઓછે-વત્તે અંશે અર્થ–પ્રાપ્તિનું સાધન માની તેમ કરે છે. કેટલાક કીર્તિ મેળવવાની અભિલાષાથી આ કાર્ય કરે છે. કેટલાક સ્વકીય, પરકીય કે ઉભયનું કલ્યાણ કરવાની ઇચ્છાથી સાહિત્યની પ્રવૃત્તિ હાથ ધરે છે. સ્વહિતની સાધનામાં પણ હેતુનું વૈવિધ્ય જોવાય છે. કેટલાક અભ્યાસને દૃઢીભૂત કરવાના ઇરાદાથી અને કેટલાક આર્ત્તધ્યાન જેવી પાપમય પ્રવૃત્તિથી પોતાના આત્માને બચાવી સત્પ્રવૃત્તિમાં જોડવાને માટે તેમ કરે છે, કેટલાંક અભિમાનથી પ્રેરાઇને કે અન્ય જનોને ઊતારી પાડવાની અધમ વૃત્તિને વશ થઇને સાહિત્યના ક્ષેત્રમાં સંચરે છે. આમ એક યા બીજા કારણે સાહિત્યની કોઇ ને કોઇ જાતની પ્રવૃત્તિ ઉદ્‌ભવે છે. અત્યાર સુધીમાં જૈનોને હાથે જે જે પ્રવૃત્તિઓ એક યા બીજા સ્વરૂપે સાહિત્યને અંગે કરાઇ છે તે પૈકી વિક્રમની ઓગણીસમી સદી સુધીની સાહિત્ય–પ્રવૃત્તિ-નો તો થોડો ઘણો પણ ખ્યાલ મળી રહે એવાં સાધનો જૈન તેમજ અજૈન લેખકોએ યોજ્યાં છે અને તે પ્રસિદ્ધ થયાં છે, પરંતુ આ છેલ્લાં સો વર્ષની સાહિત્ય–પ્રવૃત્તિની વ્યવસ્થિત અને વિગતવાર માહિતી પૂરું પાડનારું કોઇ પુસ્તક પ્રસિદ્ધ થયેલું જણાતું નથી. તો એ દિશામાં કાર્ય થવું ઘટે.

શ્રુતજ્ઞાની હો ન કહી શકે, સર્વકે,
મહિમા તુજ પ્રભાવનો. (૪)

જિનચંદ્રની હો જે ભક્તિ એકત્વકે,
દેવચંદ્ર પદ કારણો. (૫)

સ્પષ્ટાર્થ:–પ્રભુજી ! અવિનાશી, આત્યંતિક, સ્વતંત્રિક પરમ અને પૂર્ણ અખંડ આત્મિક સ્વભાવે મગ્ન છો. તમારા સર્વે સ્વગુણો આપ આપના કાર્યમાં સકળ સમય વર્તે છે તે સહજ સ્વભાવ-વિલાસનો દાવ તમારે આવ્યો છે; તે શુદ્ધ ભાવના જ તમે ભોગી છો અને સર્વે વિભાવના ત્યાગી છો. આઠે કર્મને જીતી વરપ્રધાન જ્ઞાનદર્શન ગુણે દેદીપ્ય-માન છો. પૂર્ણ શ્રુતજ્ઞાની પણ તમારા ગુણાદિ પ્રભાવનો મહિમા કહી શકે નહીં. (૪)

નિઃકામી હો નિકષાઈ નાથ કે,
સાથ હોજો નિત તુમ તણો;
તુમ આણા હો આરાધન શુદ્ધ કે,
સાધું હું સાધકપણો;
વીતરાગથી હો જે રાગ વિશુદ્ધ કે,
તેહીજ ભવભય વારણો;

સ્પષ્ટાર્થ:–પ્રભુજી કોઇપણ પુદ્‌ગલ વસ્તુના કામી નથી, એટલે કષાય તો શેનો હોય ? અર્થાત ન જ હોય. પ્રભુજીનો સાથ એટલે પ્રભુજી પ્રમાણે અમે પણ પરગુણ કામના રહિત અને કષાય રહિત સદા રહીએ, એવો સદા અમારે સાથ હોજો, અથવા સિદ્ધક્ષેત્રમાં અમારે તમારો નિત્ય સ્થિર સાથ હોજો. અમને શિવમાર્ગમાં પ્રેરનારા માટે અમારા નાથ અને પ્રભુજી અમને કહી ગયા કે શુદ્ધ સિદ્ધમાં આવો તે જ તમારાં વચન સફળ થજો. એ માટે તમારી શુદ્ધ આણા આરાધી શુદ્ધ સાધકપણું સાધી આત્મસિદ્ધતા પામું. વીતરાગ દેવથી ઇહલોકાદિ ઇચ્છા રહિત વિશુદ્ધ રાગ તે જ ભવભયથી છોડાવનારો છે, એવા સામાન્ય જિનોમાં ચંદ્રમા સમાન તીર્થંકર દેવની ભક્તિમાં એકત્વપણું તે જ દેવમાં ચંદ્રમા સમાન સિદ્ધિપદનું કારણ જાણવું. (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ગુજરાત વિદ્યાસભા" તરફથી "ગ્રંથ અને ગ્રંથકાર" ના દસ ભાગ અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા છે એમાં 'વિદ્યમાન' અને 'વિદેહી' લેખકોની સાહિત્ય-પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી એમની જીવનરેખા આલેખાઈ છે. એમાં કેટલાક જૈન લેખકો વિષે પણ નોંધ છે, પરંતુ કોઇક કારણસર એમાં તમામ જૈન લેખકોને અંગે નિર્દેશ જોવાતો નથી. આથી આ જાતની માહિતી મળી રહે એવો પ્રબંધ જૈન કોમે કરવો જોઇએ. આ કાર્યમાં જૈનોના તમામ ફિરકાઓ પૂરેપૂરો સાનંદ સાથ આપે તો સમગ્ર જૈન કોમની એક જરૂરિયાતને તો પૂરતો ન્યાય મળી રહે.

અમદાવાદની એક બીજી સંસ્થા પ્રત્યેક વર્ષે રચાતા વિવિધ વિષયના ગ્રંથોનું અવલોકન તૈયાર કરાવી તે પ્રસિદ્ધ કરે છે. જૈન કોમે એવો કશો પ્રબંધ કર્યો જણાતો નથી, તો આ દિશામાં પણ કાર્ય થવું ઘટે. દર વર્ષે ત્રણેક જૈન વિદ્વાનોને તેમના વિશિષ્ટતર અભ્યાસના ક્ષેત્રને લક્ષ્યમાં રાખી આ કામ સોંપાવું જોઇએ અને તેમ થતાં, પ્રકાશકોએ એમને સમાલોચનાના પુસ્તકો ભેટ મોકલવાની ઉદારતા દર્શાવવી જોઇએ. જો આમ દર વર્ષે થતું રહે તો સાહિત્યના ક્ષેત્રનો ફાલ કેવો તૈયાર થયો છે અને થવો જોઇએ એ જાણવાનું સુગમ થઇ પડે.

સંશોધન કે અન્ય રીતે મહત્ત્વના જણાતા લેખો સંગ્રહરૂપે અજૈન સંસ્થાઓ પ્રકાશિત કરે છે તો જૈન સમાજે પણ વિદ્વાનોના લેખો માટે આવું કાર્ય કરવું જોઇએ.

હાલ તુરત તો હું આ લેખદ્વારા સમસ્ત લેખક-લેખિકાને વિજ્ઞપ્તિ કરું છું કે **વિક્રમની વીસમી સદીની સાહિત્ય-પ્રવૃત્તિ** જેવું પુસ્તક મારે તૈયાર કરવાની જે ભાવના છે તેને હું સક્રિય સ્વરૂપ આપી શકું તે માટે તેઓ મને પોતાની કૃતિનાં નામ વગેરે રજૂ કરતી યોગ્ય સામગ્રી પૂરી પાડવા કૃપા કરે. કેટલાક સૂરિઓને અને મુનિવરોને પણ મેં આ વિજ્ઞપ્તિ કરી છે, અને કેટલાકને પત્ર લખ્યા છે, પણ સમગ્ર શ્રમણ-વર્ગનું, પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાનું હું આ રીતે સાદર લક્ષ્ય ખેંચી શકું તેમ નથી એટલે આ લેખદ્વારા એમને હું આ વિજ્ઞપ્તિ કરું છું.

આજે આપણે ત્યાં શ્રમણ-વર્ગમાં 'તપા'ગચ્છના મુનિવરોની સંખ્યા સૌથી વધારે છે. એમાં 'પંજાબકેસરી' **આત્મારામજી**, 'શાંતમૂર્તિ' શ્રી **વિજયનીતિસૂરિ**, 'યોગાનુરાગી' શ્રી **બુદ્ધિસાગરસૂરિ**, 'તીર્થોદ્ધારક' શ્રી **વિજયનેમિસૂરિ**, 'આગમોદ્ધારક' શ્રી **આનંદસાગરસૂરિ** વગેરેના શિષ્ય-સમુદાયની સંખ્યા બહોળા પ્રમાણમાં છે. તો આવા પ્રત્યેક સમુદાયના અગ્રણી પોતપોતાના સમુદાયની એક યા બીજા પ્રકારની સાહિત્ય-પ્રવૃત્તિની વિગતવાર નોંધ મને પૂરી પાડે અને બને તો એ પુસ્તકરૂપે પ્રસિદ્ધિમાં આવે તેમ કરે. આમ થવાથી મારા જેવાને એનો તાત્કાલિક લાભ મળશે અને ભવિષ્યમાં જેને જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ રચવો હશે તેને આ જાતની સામગ્રી સહાયક નીવડશે, અને તેમ થતાં જૈનોની અને એક રીતે સમસ્ત સાહિત્ય-રસિકોની એક પ્રકારની ભૂખ સંતોષાશે.

સર્જન-સર્જનના બે પ્રકાર પડાયઃ (૧) મૌલિક અને (૨) અનુવાદાત્મક. મૌલિક સર્જન એટલે સ્વતંત્ર સ્વયં-સ્ફુરિત રચના, એમ સામાન્ય રીતે મનાય છે. પ્રત્યેક મૌલિક સર્જનનું મૂલ્ય અનુવાદાત્મક સર્જન કરતાં વધારે જ હોય એમ કહેવું વધારે પડતું છે; બાકી મૌલિક સર્જનનું સામાન્ય રીતે મૂલ્ય અધિક ગણાય છે તે સમુચિત છે. આથી કોઇ પોતાના સર્જનને સર્વથા મૌલિક માનવા કે મનાવવા પ્રેરાય તો તે ઉપહાસપાત્ર નહિ તો અતિશયોક્તિરૂપ તો ગણાય જ ને? જગત્ અનાદિ અનંત છે, એમ ન માનનાર પણ એટલું તો સ્વીકારશે કે મનુષ્યો આજે લાખો વર્ષથી આ પૃથ્વી ઉપર છે, આ દુનિયા ઉપરાંત બીજા અસંખ્ય બ્રહ્માંડો છે અને મનુષ્યો એક બીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સહવાસની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂક્ષ્મ કે સ્થૂળ અસરથી સર્વથા અલિપ્ત રહે એ અશક્ય છે. વળી જે પુનર્જન્મને માને તે પૂર્વભવમાં એક યા બીજા નિમિત્તે કરેલી જ્ઞાનની આરાધનાનો આ ભવમાં લાભ ઉઠાવાતો હશે એ વાત કેમ ભૂલી શકે? વિશેષમાં જૈન તીર્થંકરો પણ નવું કશું કહેતા નથી એમ સ્વમુખે જાહેર કરે છે ત્યારે મૌલિક સર્જનની બાંગ પોકારવાનો શો અર્થ?

"અનુવાદાત્મક સર્જન" માંનો 'અનુવાદ' શબ્દ હું વ્યાપક અર્થમાં વાપરું છું. એથી સંસ્કૃત વિવરણ કિંવા કેવળ અક્ષરશઃ ભાષાંતર કે છાયા કે ભાવરૂપી ભાષાંતર જ અભિપ્રેત નથી, પરંતુ કોઇકની કૃતિ ઉપરથી સ્ફુરેલું કે એના સંક્ષેપાદિરૂપે રજૂ કરાયેલું લખાણ પણ સમજવાનું છે.

વિશેષમાં સર્જનાત્મક કૃતિ એટલે ગ્રંથ જ નહિ; એમાં મનનીય લેખનો પણ સમાવેશ કરવાનો છે. અને વિશિષ્ટ અવલોકનોને પણ એમાં સ્થાન છે.

સંપાદન–સંપાદન એ સમીક્ષાત્મક હોય તો તે વિશેષતઃ ઉપયોગી અને આવકારદાયક બને. આથી ગમે તેમ પુસ્તક છપાવી દેવાય એ સમુચિત ન ગણાય, જો કે હાથપોથી વાંચવા કરતાં મુદ્રિત લખાણ વાંચવાનું સામાન્ય રીતે સુગમ ગણાય એટલો તો સામાન્ય કોટિના સંપાદનથી પણ લાભ મળે.

સંશોધન–સંપાદનમાં સંશોધનને અવકાશ છે તેમ એનું સ્થાન સ્વતંત્ર પણ છે. કોઇ વિશિષ્ટ લેખ અને ખાસ કરીને ગ્રંથ યોજાતાં એનું સમર્થ સાક્ષર પાસે સંશોધન કરાવાય તે પણ 'સંશોધન' છે.

સંરક્ષણ—હાથપોથીઓ સાચવવી–ભંડારોને વ્યવસ્થિત રાખવાં ઇત્યાદિ કાર્ય 'સંરક્ષણ' છે. એવી રીતે આજે જે કાગળ ઉપર ગ્રંથો છપાવાય છે તેનું આયુષ્ય મર્યાદિત હોવાથી મુદ્રિત ગ્રંથને પણ ટકાઉ કાગળ ઉપર ઊતારવા કે ઉતરાવવા એ પણ સંરક્ષણનો એક પ્રકાર છે

પ્રકાશન—આજે હાથપોથીઓ વાંચતાં કેટલાને આવડે છે? વળી એ હાથપોથી દરેકને સુલભ પણ ક્યાં છે? આવી પરિસ્થિતિમાં ગ્રંથો મુદ્રિત થાય એ ઇષ્ટ છે. એનું પ્રકાશન આવકારને પાત્ર છે. મુનિવરો પોતે પ્રકાશક બની ન શકે, પરંતુ મહત્ત્વના ગ્રંથો પ્રકાશિત થવા ઘટે અને એનો યોગ્ય પ્રચાર થવો જોઇએ એ પ્રકારનો ઉપદેશ તો આપી શકે અને એ રીતે પ્રકાશનના કાર્યમાં ભાગ લઇ શકે.

આમ અહીં મેં સંક્ષેપમાં સર્જન વગેરેની જે રૂપરેખા આલેખી છે એ ઉપરથી સાહિત્ય–પ્રવૃત્તિ એટલે શું તે સમજાયું હશે. આને ખ્યાલમાં રાખીને મેં આ લેખમાં કરેલી વિજ્ઞપ્તિ સમુચિત સ્વરૂપમાં સ્વીકારાશે તો. અત્યારે જે **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** મેં તૈયાર કર્યો છે તેમાં એની નોંધ લેવા અને આગળ ઉપર ગુજરાતી સાહિત્યને અંગે જે પુસ્તક યોજવાની મારી અભિલાષા છે તે પ્રમાણે એ કાર્ય કરતી વેળા એમાં પણ નોંધ લેવા હું મારાથી બનતું કરીશ એટલું સૂચવી હું વિરમું છું.

—: દીક્ષાગીત :—

(ઓ પંખિડા જાજે પિયુના દેશમાં–એ રાહ)

ઓ આતમા રૂડા દીક્ષાના પંથમાં,
ચાલજે આજથી આનંદમાં. ઓ આતમા. ૧
દીક્ષા વિના નથી મોક્ષ સુખ ક્યાંયે,
સાચું સુખ દીક્ષા પંથમાં. ઓ આતમા. ૨
રજોહરણરૂપી ધર્મ ધ્વજ સોહે,
મુહપત્તિ રૂડી હાથમાં. ઓ આતમા.
કપડા ઉપર કાંબળી સોહે,
પાતરાં તરપણી પીઠમાં. ઓ આતમા. ૪
આગળ પોથી ને થાપનાજી સોહે,
દંડ અખંડ મુનિ વેષમાં. ઓ આતમાં. ૫
ષટખંડ નેતા ચક્રવર્ત્તિ લેતા,
દીક્ષા ભિક્ષા માનમાં. ઓ આતમા. ૬
દેવતાઓ પણ જંખે છે ક્ષણ ક્ષણ,
મ્હાલવા સંજમ પંથમાં. ઓ આતમા. ૭
નેમિ–લાવણ્યસૂરિ–દક્ષ કહે ભૂરિ,
મુક્તિ ગમન ત્યાગ માર્ગમાં. ઓ આતમા. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

UNIVERSITY OF PENNSYLVANIA
PHILADEIPHIA U. S. A.
4
THE GRADUATE SCHOOL OF ARTS AND SCIENCES
Oriental Studies
Sanskrit

December 4, 1952.

Muni Jambuvijayji,
C/o Jain Temple P. O. Yeola,
Dt. Nasik, (India).

Dear Maharaj :

I am writing to acknowledge the reciept of the volumes of Jain literature which you have so kindly sent to the University of Pennsylvania. The volumes which we have received are *Surasundariee-Chariam*, edited by Muniraj Shree Raja Vijayjee; *Kshatriyakund, Prakrt lakshaṇam, Sveētāmber-digambar, Paṭṭāvalī samuccaya* (2 vols.) *Viśva-racnā prabandh*, all edited by Muni Darsanvijaya; *Dharmabindu* by Haribhadrasūri; *Jinvānī* by Harisatya Bhaṭṭ; *Hastinapur, a Jain*

શ્રી મહાવીર જિનસ્તુતિ

(રચયિતા—સંઘવી ભગવાનભાઈ પ્રાગજી)

રાગપદ (એકતાલ) મેરો કર તું પાર

મેરો કર તું પાર, મારો મેરો કર તું પાર.
તું જગજ્જીવન, તું જગદીશ્વર જ્યોતિસ્વરૂપ, જિનરાજ. મારો મેરો૦

વીરજિનેશ્વર, જગપરમેશ્વર ત્રિશલાનંદકુમાર. મારો મેરો૦

શિવશંકર,[1] પુરુષોત્તમ, પ્યારા ! અજર, અમર કિરતાર. મારો મેરો૦

નિષ્કામી ગુણરાય, જિનેશ્વર ! ચિત્ત ના દ્વેષ કે રાગ. મારો મેરો૦

હું રાગી છું, મોહે ફસિયો, તું મુજ મનવિસરામ. મારો મેરો૦

ગુણદ્રોહી હું શંકાશીલ છું, ક્રોધી ને વિષયાંધ. મારો મેરો૦

બહિરાતમ[2] હું તૃષ્ણાતુર છું, કલ્પરસ દે નાથ ! મારો મેરો૦

ભવઅટવીમાં ભૂલો પડ્યો છું, સૂક્ષ્મદૃષ્ટિ આપ, મારો મેરો૦

વાટ ભૂલેલો, થાકી રહ્યો છું, ભોમિયો પ્રભુ ભેટાડ. મારો મેરો૦

કરુણારસસાગર, દીનબંધુ, તું જ્ઞાનામૃત છલકાવ. મારો મેરો૦

સકળ વિશ્વ જીત્યું તેં સ્નેહે " સત્ય " તુજ હથિયાર. મારો મેરો૦

ત્રિભુવનસ્વામી તાપ નિવારી, શરણાગત ઊગાર. મારો મેરો૦

સેવકની અરદાસ સુણી પ્રભુ !, મતિ ભરમ નિવાર. મારો મેરો૦

આશ્રિત છું હું આશા તારી, ચરણકમલમાં સ્થાપ. મારો મેરો૦

પરમપદારથ સંપત્તિ માગું[3] જ્યોતમાં જ્યોત મિલાવ. મારો મેરો૦

---

૧. કર્મોપદ્રવ નિવારક, સુખનો કર્તા.

૨. શરીરને આત્મા માનનારો રાગ-મદ, કલ્પનારતિ-અરતિ-ભય-શોક, નિંદ્રા-તંદ્રા, તથા દુર્દશાના યોગમાં રહેલો. ૩. અનિર્વચનીય મુક્તતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Pilgrimage by Amar Chand; *Srīsridharacarita* by Mānikyasundarsūri; and *Srī Atmānand Prakās.*

I am very glad to have these as additions to our collection of Jain literature. It is especially gratifying to me to recieve such material since I myself have worked in the Jain field and published several volumes.

Though it has never been my pleasure to meet you during any of my visits to India, I trust that if I am able to get there again I shall find an opportunity to see you. Is the address Jain Temple, Yeola sufficient to find you when you are on Vihar ?

With dharmalabh,

Sincerely yours,
W. Norman Brown.
Professor of Sanskrit.

સ્વીકાર સમાલોચના–

૧. **કલ્યાણસાધન દિશા**–લેખક મુનિશ્રી ન્યાયવિજયજી ન્યાયતીર્થ–ન્યાયવિશારદ.

આ એક લઘુ પુસ્તિકા હોવા છતાં સામાજિક દૃષ્ટિથી અને વિદ્વત્તાભરેલી રીતે લખાયેલ ગ્રંથ છે. અને આત્મકલ્યાણ સાધનદિશા ઉપર સુંદર આલેખન કર્યું છે, છેવટે તત્ત્વરૂપે **સત્ય, સંયમ** અને **સેવા** એ ત્રણ સકાર-ત્રિપદીને સમજી આચરણમાં ઉતારનાર મનુષ્ય જરૂર કલ્યાણ સાધન પામી શકે છે અને તેના પાલનથી કોઇપણ મનુષ્ય ભવસાગરને તરી જશે એ નિશ્ચય છે. આખી બુક મનનપૂર્વક સર્વકોઇને વાંચી જવા ભલામણ છે. બુકની શરૂઆતમાં વિદ્વાન મુનિરાજશ્રીએ " **અમરપુરસ્કાર** " ના હેડીંગવાળા લખાણનો તો વારંવાર પઠન કરવા જેવું જણાવ્યું છે કારણ કે મનુષ્યો તેમાં જણાવેલ ગુણોથી મહાન પ્રતાપી બની શકે છે. આ બુકની કિંમત કંઇ પણ રાખી નથી તે ખુશી થવા જેવું છે.

૨. " **સંસ્કાર-દીપ** " લેખક **વિદ્વાન્ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી મહારાજ.**

મનુષ્યમાં માનવતા હોય તો જ માનવી કહેવાય છે. માનવતા હમેંશા સંસ્કારરૂપી તેજ જેમના આત્મામાં ઝળહળતું હોય તેનામાં જ આવે છે. આ કથા સાહિત્યનો ગ્રંથ છે છતાં જેમાં પૂજ્ય વિદ્વાન પંન્યાસજી મહારાજે ખાસ વૈરાગ્ય, ત્યાગ, સચ્ચારિત્ર, સંસ્કારશુદ્ધિ વગેરે ઉચ્ચ કોટીના આત્મકલ્યાણ માટે સંસ્કાર તેર દીપકો, તેને અન્વય કથા સાથે આપવામાં આપેલા છે. જૈનકથા સાહિત્યમાં કેટલાક કથાપ્રસંગો નજર સામે રાખી લોકભોગ્ય, સાદી, સરલ, સુમધુર ગુજરાતી ભાષામાં સંકલનાપૂર્વક ભાવવાહી તેમજ તેની શૈલી કોઇપણ વાચકના મનને અસર કરે તેવી રીતે **સંસ્કાર દીપમાળાની** એક અનુપમ રચના કરી છે. મિથ્યાત્વ–અજ્ઞાનરૂપી અંધકારમાં સંસ્કાર–પ્રદીપને ચેતાવ્યો છે. પૂજ્ય ગુરુદેવ પંન્યાસજી શ્રી કનકવિજયજી મહારાજ આગમવેત્તા હોવા સાથે સમયજ્ઞ અને કપરા વર્તમાનકાળના મનુષ્યને આજે શેની જરૂર છે ? કેવા વાંચનની જરૂર છે તે સમજી જીવન કલ્યાણનો માર્ગ આ ગ્રંથમાં બતાવ્યો છે. તેર વિષયોના નામ ટૂંકી નવલિકા સાથે બોધપાઠો આપેલ હોવાથી જૈન જૈનેતર મનુષ્યો માટે આવશ્યક વસ્તુ પૂરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાડી છે. ટૂંકી નવલકથા સુંદર શૈલીમાં ભાવવાહી રીતે લખવી તે પૂર્ણ વિદ્વત્તા અનુભવ જ્ઞાન હોય તો જ આવી સુંદર રચના કરી શકાય. પંન્યાસજી મહારાજ ત્યાગમૂર્તિ, પ્રતિભાશાળી મુનિવર પૂજ્ય છે.

૧ જાગતા રહેજો, ૨ સમર્પણ, ૩ મહાપ્રયાણ, ૪ દીવાદાંડી, ૫ ખાબ્બનું પાણી, ૬ પરિવર્તન, ૭ ત્યાગવીર ૮ ધુપછાંવ, ૯ વીરનો જીવનસંદેશ, ૧૦ રામવનવાસ, ૧૧ તવારીખના તેજ, ૧૨ માનવતાનો મૂકસંદેશ, ૧૩ સંસ્કૃતિનો શણગાર એ તેર સુંદર વિષયો ઉપર અનુક્રમે બે મિત્રોના પ્રેમનું સુંદર ચિત્ર, જૈન શાસન પ્રભાવક આચાર્યનું આત્મસમર્પણ, વજ્રબાહુસ્વામી કથા–સર્વત્યાગની ઉત્કૃષ્ટ સ્વરૂપ ત્રીજા વિષયમાં આપેલ છે. પોતાના આચારમાં રહેલી બે સાક્ષાત્ પવિત્ર નારીનું ચરિત્ર આપેલ છે. ભગવાન હરિભદ્રસૂરીશ્વરજીની કથા જેમાં જીવનની સૌરભ પથરાયેલ છે. એક પંડિત પોતાની પ્રતિજ્ઞાના પાલન ખાતર એક સાધ્વી મહારાજના ચરણોમાં જાત અર્પણ કરે છે. ત્યાગવીર ધન્નાજીના ભવ્ય ત્યાગની અને ધૂપ–છાયામાં ચંદનબાળાના જીવનનું ભવ્ય ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. નવમા દીપકમાં શ્રી મહાવીર જીવનસંદેશનું સજીવ શબ્દ ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. રામવનવાસ વિષયમાં એક સંવાદાત્મક કથા રજૂ કરી છે–અગીયારમામાં દીપક કથામાં પંન્યાસજી મહારાજે એક ભવ્ય પ્રસંગ રજૂ કર્યો છે. માનવના મૂકસંદેશમાં માનવજીવનની કર્ત્તવ્યપરાયણતા રજૂ કરી છે. છેવટે સંસ્કૃતિ શણગાર જેમાં કેટલાક આદર્શ નારીરત્નોનો ટૂંકો ઉલ્લેખ નિબંધરૂપે કરેલ છે. એકંદર રીતે તેર વિષયોમાં પૂજ્ય પંન્યાસજી મહારાજ સંસ્કાર દીપમાળાની અનુપમ રીતે ગૂંથણી કરી છે. એકંદર રીતે મનુષ્યના આત્મકલ્યાણ માટે આ "સંસ્કારપદીપ" ગ્રંથ અતિ ઉપયોગી નિરંતર પઠનપાઠન સ્મરણ કરવા જેવો, જૈન ધાર્મિક શાળાઓમાં ચલાવવા જેવો, ગૃહલાઇબ્રેરીના શણગારરૂપ બનાવેલ છે. સર્વ મનુષ્યોને ખાસ વાંચવા પઠન કરવા અમો ભલામણ કરીએ છીએ. મળવાનું સ્થળ જુનાગઢ જૈન સાહિત્ય પ્રચારણીય સભા. રતિલાલ ગુલાબચંદ દોશી, પૂજ્ય વિજયદાનસૂરીશ્વરજીના સ્મારક ગ્રંથમાળા નવમા પુષ્પ તરીકે પ્રકટ કરેલ છે. મૂલ્ય રૂા. ૧–૮–૦ મળી શકશે.

ખેદકારક સ્વર્ગવાસ.

અત્રેની પ્રખ્યાત વ્યાપારી પેઢી મે૦ ટી. સી. બ્રધર્સના મુખ્ય સંચાલક, પુણ્ય પ્રભાવક ધર્મપ્રેમી **શ્રીયુત ચુનીલાલ દુર્લભજી** પારેખ તેસઠ વર્ષની ઉમરે કેટલાક વખતની બિમારી ભોગવી અષાડ શુદ ૭ શનિવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સામાન્ય સ્થિતિમાંથી પુણ્યયોગ અને વ્યાપાર વાણિજ્યની કુનેહ અને કુશાગ્ર બુદ્ધિવડે ઉદ્યોગ પતિ બન્યા, પ્રતિષ્ઠિત વ્યાપારી ગણાયા અને લક્ષ્મીદેવી પ્રસન્ન થયા છતાં સંસ્કારી અને ધર્મપ્રેમી આત્મા હોવાથી ધર્મ શ્રદ્ધા, દેવગુરુ ભક્તિ અને ઉદારતા વધતાં આત્મકલ્યાણને માટે વ્યય કરવા લાગ્યા. શ્રી ગૌતમ સ્વામીના અનન્ય ભક્ત હતા, તેમજ દર વર્ષે પોતાના બંગલે મોટા વિદ્વાન મુનિવરોના ચાતુર્માસ કરાવી ધર્મ શ્રવણનો લાભ લેતા અને આપતા હતા. તેઓશ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિરનો વહીવટ કરતા હોવાથી દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરી હતી. ભાવનગર પાંજરાપોળ, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, જૈન સેવા સમાજ, પાલીતાણા દવાખાના વગેરેમાં હોદ્દેદાર, સંચાલક વગેરે હોય તે તે સ્થળે આધાર સ્થંભ જેવા હતા. સ્વભાવે મિલનસાર, માયાળુ, માનવપ્રેમી તેમજ નિરાભિમાની હતા. આ સભાના ઘણા વર્ષોથી તેઓ લાઇફ મેમ્બર હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી શ્રી ભાવનગર જૈન સંઘ અને આ સભાને એક લાયક નરરત્નની ખોટ પડી છે. તેઓશ્રીના પુત્રો બંધુ વગેરે ઉપર આવી પડેલા દુઃખમાં દિલસોજી વ્યક્ત કરી તેમના પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ

જગડીયા (વાયા-અંકલેશ્વર)

દાતાઓને વિનંતિ

શ્રી જગડીયાજી તીર્થમાં પૂ. ગુરુદેવ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી-ના સદ્‌ઉપદેશથી સ્થાપવામાં આવેલ શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ જગડીયામાં મુંબઇનિવાસી શેઠ પરસોત્તમદાસ સુરચંદભાઇ પ્રાંગધ્રાવાળાના શુભ હસ્તે જેઠ સુદ ૩ ના દિવસે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

સંસ્થામાં હાલમાં રહેવા જમવાની સગવડ તથા ધાર્મિક અભ્યાસ માટે અને હાઇસ્કૂલમાં અભ્યાસ કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ભવિષ્યમાં ઔદ્યોગિક તથા વ્યવહારિક કેળવણીની સગવડ કરવામાં આવશે.

વિદ્યાર્થીઓને માસિક ચાર્જ પેઇંગ રૂા. ૨૫, હાફપેઇંગ રૂા. ૧૫, મીડીયમ રૂા. ૧૦ તથા તદ્દન માફીમાં દાખલ કરવામાં આવ્યા છે.

દરેક વર્ગના પંદરપંદર વિદ્યાર્થીઓ મળી ૬૦ વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા છે. ભવિષ્યમાં ૧૦૦ વિદ્યાર્થીની સગવડ કરવા ઇચ્છા છે.

હાલમાં વાર્ષિક ખોટનો અંદાજ રૂા. પંદર હજારનો છે.

ઊગતી સંસ્થા હોઇ, સાધનો, મકાન, વ્યાયામશાળા તથા પુસ્તકો વગેરે અનેક ચીજોની જરૂરિયાત સંસ્થાને છે.

સંસ્થાનો વહીવટ પાલેજ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, મુંબઇ, જગડીયા વગેરેના પ્રતિષ્ઠિત ગૃહસ્થોની કમિટિ કરે છે.

દાતાઓની ઉદારતા ઉપર આધાર રાખી વહીવટદારોએ સંસ્થાને પગભર કરવાની આશા રાખી છે તો દરેક ભાઇબહેનોને નમ્ર વિનંતિ છે કે આપનો ઉદાર હાથ આ સંસ્થા તરફ જરૂર લંબાવશો.

પૂ. ગુરુદેવોને નમ્ર પ્રાર્થના છે કે આપશ્રી આ સંસ્થા તરફ અમીદૃષ્ટિ રાખી વિહારમાં અને જ્યાં જ્યાં ચાતુર્માસમાં સ્થિરતા હોય ત્યાં ત્યાં સંસ્થા માટે યોગ્ય કરશો એજ વિનંતી.

—: દાનની રકમ નીચેના સરનામે મોકલશો :—

સેક્રેટરી, શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, જગડીયા (વાયા-અંકલેશ્વર)

લી.

શા. મુળચંદભાઇ લખમીચંદ	શા. કુલચંદભાઇ શામજીભાઇ
પ્રમુખ પાલેજ	ઉપપ્રમુખ (મુંબઇ)
સા. ચીમનલાલ છોટાલાલ,	શા. સ્વરૂપચંદ કપુરચંદ,
સેક્રેટરી, પાલેજ.	સેક્રેટરી અંકલેશ્વર.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ જગડીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

અનેક રંગના વિવિધ અવસ્થાના ફોટાઓ, સુંદર બાઇંડીંગ કવર જેકેટ સાથે પુણ્યવંત મનુષ્યોનું ઉચ્ચ કોટીનું જીવન કેવું સુંદર હોય છે, તેનો સુંદર નમુનો આ ચરિત્રમાં છે.

શ્રી શ્રેયાંસનાથ ભગવાનના આગલા ત્રીજા ભવમાં તેઓશ્રી ભુવનભાનુ રાજાના સુપુત્ર શ્રી **નલિની ગુલ્મ** નામે રાજપુત્ર હતા. ભુવનભાનુ રાજા અને નલિની ગુલ્મ રાજપુત્ર બંને જ્યારે કોઇ અવનવા આશ્ચર્ય સાથે આનંદ ઉત્પન્ન કરે તેવા પ્રસંગે રાજધાની છોડી અનેક શહેરો, જંગલો, ઉદ્યાનો-વનો ઉપવનોમાં પરિભ્રમણ કરતાં તે બંને મહાન પુરુષની ધર્મભાવના, પરોપકારપણું, દેવ ભક્તિ, નમસ્કાર મહામંત્રની અખૂટ શ્રદ્ધા અને પૂર્વના પુણ્યોદયવડે વૈભવ, સંપત્તિ, સુખો, સુંદર આદર્શ સ્ત્રીરત્નો પ્રાપ્તિ વિઘ્નો અને સંકટ વખતની ધૈર્યતા, અને રાજનીતિ તે વખતની સામાજિક નીતિ ન્યાયનીતિ, શહેર, ઉદ્યાનોના સુંદર વર્ણનો, ધર્મગુરુઓની દેશનાઓના લાભો વગેરે આ ચરિત્ર સંપૂર્ણ વાંચતા આત્મિક આનંદ, અનુકરણીય પ્રસંગો એટલા બધા આલ્હાદકારક છે કે જેથી છેવટે શોકું ઘણું પણ આત્મકલ્યાણ વાચક પામી શકે છે.

---

૨. "જ્ઞાનપ્રદીપ ગ્રંથ" (ભાગ ત્રીજો).

દરેક મનુષ્યને-અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય અને ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમાં આવતાં સુખ દુઃખના પ્રસંગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રંથમાં આવેલા વિવિધ તેર વિષયો છે. જે ગ્રંથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશંસા કરેલ છે. જે ધાર્મિક, સામાજિક, નૈતિક વિષયોથી પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ **વિજયકસ્તુરસૂરિમહારાજે** સાદી અને સરલ ભાષામાં રચેલો છે. અને સુંદર કવર જેકેટથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું.

તૈયાર છે. તૈયાર છે.

શ્રી બૃહત્કલ્પસૂત્ર-છઠ્ઠો (છેલ્લો) ભાગ સંપૂર્ણ.

અગાઉથી નામો નોંધાઇ ગયેલ મહાશયોને મોકલવાનું કાર્ય શરૂ થયેલ છે. મુનિરાજશ્રી તથા જ્ઞાનભંડારોના વહીવટ કરનાર મહાશયો, જેમણે પ્રથમ પાંચ ભાગ લીધેલા છે, તેમણે આ છઠ્ઠો ભાગ સત્વર મંગાવી લેવા વિનંતિ છે. ઘણી જુજ નકલો સિલિકે છે. આ છઠ્ઠો ભાગ સંશોધન સાથે મહાન પ્રયત્નવડે સાક્ષર-શિરોમણિ, પૂજ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક પ્રસ્તાવના સાથે સંપાદન કરેલ છે.

આ ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર પેપર ઉપર, સુંદર શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર મુંબઇ પ્રેસમાં છપાયેલ છે. આ પૂજ્ય આગમ ગ્રંથ વર્ષો સુધી ટકી શકે, અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દૃષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

આવા વિદ્વત્તાપૂર્ણ પૂજ્ય આગમો મોટો ખર્ચ કરી વારંવાર છપાતાં નથી જેથી જલદી મંગાવી લેવા નમ્ર સુચના છે. નામો નોંધાવવા પત્ર લખશો.

કિંમત રૂા. ૧૬) સોળ પોસ્ટેજ જુદું. લખો :-**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

"ભેટ મળશે" શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા છાણીથી **"સકલાર્હત્સ્તોત્ર સટીક"** એક પ્રતદીઠ બે આનાની ટીકીટ મોકલવાથી સાધુ-સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારને ભેટ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પેલા વર્ગમાં આવનારને પેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણે રૂપીઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના ૭ વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યો છે તે નીચે મુજબ છે.

સં. ૨૦૦૩માં	શ્રી સંઘપતિ ચરિત્ર—(સચિત્ર)	કિં. રૂા. ૬-૮-૦
	શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ	,, ,, ૩-૮-૦
સં. ૨૦૦૪માં	શ્રી વસુદેવ હિંડી ભાષાંતર	,, ,, ૧૫-૦-૦
	શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,, ૭-૮-૦
સં. ૨૦૦૫માં	શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,, ૧૩-૦-૦
સં. ૨૦૦૬માં	શ્રી દમયન્તી ચરિત્ર (સચિત્ર)	,, ,, ૬-૮-૦
	જ્ઞાન પ્રદીપ ભાગ ૨	,, ,, ૪-૦-૦
	આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨	,, ,, ૨-૦-૦
	જૈન મતકા સ્વરૂપ (હવે પુરાંત નથી)	ભેટ
સં. ૨૦૦૭ ,, ૨૦૦૮	શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧	,, ,, ૧૦-૦-૦
	શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)	,, ,, ૬-૦-૦
	શ્રી અનેકાન્તવાદ	,, ,, ૧-૦-૦
	ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી	,, ,, ૦-૮-૦
		૭૫-૮-૦

સં. ૨૦૦૯ માં નવા થનાર પેટ્રનો તથા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને પણ આગળ ઉપર થયેલ પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોની જ જેમ નીચે પ્રમાણે ગ્રંથો આ સાલના ભેટ આપવામાં આવશે.

શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર	રૂા.	૭-૮-૦
જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો	રૂા.	૨-૦-૦
નમસ્કાર મહામંત્ર	રૂા.	૧-૦-૦
	રૂા.	૧૦-૮-૦

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૪) તું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી ૨૦૦૯ સુધી આપવામાં આવશે. માટે શ્રાવણ વદ અમાસ સુધીમાં હજુ પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ આ વરસે મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બહેનોને પેટ્રનપદ અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

પચાસ વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તે વરસની ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ તા. ૧૪-૧-૫૪
૨૦૦૯ પોસ વદ ૧૪

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only